દાખલ તારીખ : ૩૦/૦૧/૨૦૨૫
રજી. તારીખ : ૩૦/૦૧/૨૦૨૫
ફેસલ તારીખ : ૧૭/૦૬/૨૦૨૬
**સમયગાળો : વર્ષ–માસ–દિન**
**૦૧–૦૪ –૧૮**

---

**ગોંડલના મહે. સ્પે. જજ પોકસો કોર્ટ સમક્ષ, રાજકોટ એટ ગોંડલ.**

---

**પુષ્પા શંકરલાલ સૈની**
સ્પે. જજ, પોકસો કોર્ટ,
રાજકોટ એટ ગોંડલ
**(ચુકાદાની તારીખ : ૧૭/૦૬/૨૦૨૬)**

**સ્પે. પોક્સો સેશન્સ કેસ નં.૦૧/૨૦૨૫**
**આંક :–**

**શ્રી સ ર કા ર ....ફરીયાદપક્ષ.**

**:: વિરૂધ્ધ ::**

**જયદિપભાઇ રોહિતભાઇ લકુમ**
ઉ.વ.૨૨, ધંધો–મજુરી,
રહે.જામનગર, ગુલાબનગર વાંજાવાસ,
નવનાલા પાસે,તા.જી.જામનગર. **....આરોપીપક્ષ.**

---

*પ્રસ્તુત કેસ, સગીર બાળકી વિરૂદ્ધ જાતિય ગુના અંગેનો છે. જેથી પ્રસ્થાપિત સિદ્ધાંતોને લક્ષમાં રાખી, તેની ઓળખ જાહેર ન થાય તેની તકેદારીના ભાગરૂપે સદર ચુકાદામાં સગીર બાળકીના નામ વિગેરેની વિગતોને બદલે તેને ''ભોગ બનનાર'' તરીકે સંબોધવામાં આવેલ છે.*

---

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT (CRL) No.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલ ના ચેપ્ટર–VI ના 179-A અન્વયેના નોટીફીકેશન નં.સી/૨૦૦૧/૯૩, તા.૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.**

સ્પે. (પોક્સો) જજ, ગોંડલ.

## :: FORM-A ::

| :: એફ.આઈ.આર.ની વિગતો, ગુન્હો અને પોલિસ સ્ટેશન :: | |
|---|---|
| **પોલિસ સ્ટેશન :** | જીલ્લો રાજકોટ ગ્રામ્ય પોલિસ મથક : શાપર (વે.) પો.સ્ટે., વર્ષ : ૨૦૨૫, પ્રથમ માહિતી અ. ક્રમાંક નં.૧૧૨૧૩૦૯૧૨૪૧૧૬૬/૨૦૨૪, તા.૧૮/૧૨/૨૦૨૪. |
| **ગુન્હો :** | ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૧૩૭(૨), ૮૭,૬૪(૨)(આઇ)(એમ) તથા ૬૫(૧) તથા પોકસો એકટ કલમ–૫(એલ) તથા ૬ મુજબ. |
| **તહોમતનામા મુજબ તહોમત :** | ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૧૩૭(૨), ૮૭,૬૪(૨)(આઇ)(એમ) તથા ૬૫(૧) તથા પોકસો એકટ કલમ–૫(એલ) તથા ૬ મુજબ. |
| **ફરીયાદી :** | **શ્રી સરકાર સ્ટેટ ઓફ ગુજરાત**<br>(મુળ ફરીયાદી : ભોગબનનારના માતા) |
| **ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી :** | **શ્રી જી.કે.ડોબરીયા.** |
| **આરોપી :** | **જયદિપભાઇ રોહિતભાઇ લકુમ**<br>ઉ.વ.૨૨, ધંધો–મજુરી,<br>રહે.જામનગર, ગુલાબનગર વાંજાવાસ,<br>નવનાલા પાસે,તા.જી.જામનગર. |
| **આરોપી તરફે વિ.વ.શ્રી :** | **શ્રી એ.એસ.ખુરેશી.** |

## :: FORM-B ::

| | |
|---|---|
| DATE OF OFFENCE | 11/12/2024 TO 16/12/2024, At 06:00 pm |
| DATE OF F.I.R. | 18/12/2024, At 17:00. |
| DATE OF CHARGESHEET | 26/01/2025 |
| DATE OF FRAMING OF CHARGE | 12/03/2025 |
| DATE OF COMMENCEMENT OF EVIDENE | 27/03/2025 |
| DATE ON WHICH JUDGMENT IS RESERVED | 15/06/2026 |
| DATE OF THE JUDGMENT | 17/06/2026 |
| DATE OF THE SENTENCING ORDER IF ANY, | ------------- |

ACCUSED DETAILS :-

| RANK OF | NAME OF ACCUSE | DATE OF | DATE OF RELEA- | OFFENCES CHARGED | WHETHER ACQUITED | SENT-ENCE | PERIOD OF DETENTION |
|---|---|---|---|---|---|---|---|

| THE ACCU-SED | | ARREST | SED ON BAIL | WITH | OR CONVIC-TED | IMPO-SED | UNDERGONE DURING TRIAL FOR PURPOSE OF SECTION-428 OF Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | JAYDEEP BHAI ROHIT BHAI LAKUM | 06/01/ 2025 | 04/07/ 2025 | B.N.S SEC.- 137(2),87, 64(2)(I)(M), 65(1) & POCSO ACT SEC- 5(l), 6 | ACQUITED | ----- | 5 MONTHS 28 DAYS |

## :: FORM-C ::

## :: ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લિસ્ટ ::

**(એ) ફરીયાદપક્ષ તરફે :–**

## :: ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો ::

| અ.નં. | આંક | સાહેદનું નામ | સાહેદની વિગત |
|---|---|---|---|
| ૧ | ૧૨ | સાહેદ નં.૧(ડો.પ્રિત જેન્તીભાઇ હીંગરાજીયા) | ભોગબનનારને તપાસણી કરનાર ડોકટર |
| ૨ | ૧૩ | સાહેદ નં.૨(ડો.યશકુમાર પ્રવીણભાઇ પદમાણી) | આરોપીની તપાસણી કરનાર ડોકટર |
| ૩ | ૨૧ | સાહેદ નં.૩ (ભોગબનનારના માતા) | ફરીયાદી |
| ૪ | ૨૨ | સાહેદ નં.૪ (ભોગબનનાર) | ભોગબનનાર |
| ૫ | ૨૩ | સાહેદ નં.૫ (ભોગબનનારના સાવકા પિતા, " Y" તરીકે સંભોદવામાં આવેલ છે) | સાહેદ |
| ૬ | ૨૫ | સાહેદ નં.૬(રમેશભાઇ નાથાભાઇ ટીલાળા) | ભોગબનનારના કપડા કબ્જે કરેલાના પંચ સાહેદ |
| ૭ | ૨૬ | સાહેદ નં.૭ (નયનકુમાર ધીરજલાલ રાજા) | આરોપીએ ગુન્હામાં વાપરેલ મોટરકાર તથા આરોપીના કપડા કબ્જે |

| | | | |
|---|---|---|---|
| | | | કરેલાના પંચ સાહેદ |
| ૮ | ૨૮ | સાહેદ નં.૮(ફરીયાદીના અગાઉના પતિ/ભોગબનનારના કુદરતી પિતા, " X" તરીકે સંભોદવામાં આવેલ છે.) | સાહેદ |
| ૯ | ૨૯ | સાહેદ નં.૯(રવિરાજસિંહ ભુપતસિંહ રાણા) | ત.ક.અમલ દાર |
| ૧૦ | ૩૧ | સાહેદ નં.૧૦ (સંજયભાઈ મોહનભાઈ ડાભી) | સાહેદ |

## (બી) બચાદવપક્ષે સાહેદ જો હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ / પુરાવો |
|---|---|---|
| – | – | – |

## (સી) કોર્ટ સાહેદ જો કોઈ હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ / પુરાવો |
|---|---|---|
| – | – | – |

## :: ફરીયાદપક્ષ તરફે અંકે પાડેલા દસ્તાવેજી પુરાવા ::

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ભોગબનનારનું મેડીકલ સર્ટીફીકેટ | P1/PW1 |
| ૨ | ભોગબનનારની પોલીસ યાદી | P2/PW1 |
| ૩ | ભોગબનનારના એમ.એલ.સી.કાગળ | P3/PW1 |
| ૪ | આરોપીના મેડીકલ સર્ટીફીકેટ | P4/PW2 |
| ૫ | આરોપીના પોલીસ યાદી | P5/PW2 |
| ૬ | આરોપીના એમ.એલ.સી.કાગળ | P6/PW2 |
| ૭ | ફરીયાદ | P7/PW3 |
| ૮ | ભોગબનનારનું બી.એન.એસ.એસ.કલમ – ૧૮૩ મુજબનું નિવેદન | P8/PW4 |
| ૯ | ભોગબનનારના કપડા કબ્જે કરેલાનું પંચનામું | P9/PW6 |
| ૧૦ | આરોપીએ ગુન્હામાં વાપરેલ મોટરકાર કબ્જે કરેલાનું પંચનામું | P10/PW7 |
| ૧૧ | આરોપીના કપડા કબ્જે કરેલાનું પંચનામું | P11/PW7 |
| ૧૨ | ગુન્હો રજી. કરવાનો પત્ર | P12/PW9 |

| | | |
|---|---|---|
| ૧૩ | તપાસનો ડેપ્યુટ હુકમ | P13/PW9 |
| ૧૪ | ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર | P14/PW9 |
| ૧૫ | સ્થળ પરીક્ષણ અહેવાલ | P15/PW9 |
| ૧૬ | મુદ્દામાલ રવાનગી નોંધ તથા સતાનું પ્રમાણપત્ર | P16/PW9 |
| ૧૭ | એફ.એસ.એલ. પહોંચ | P17/PW9 |
| ૧૮ | એફ.એસ.એલ.રીપોર્ટ | P18/PW9 |
| ૧૯ | જન્મ નોંધણી રજીસ્ટાર | P19/PW10 |
| ૨૦ | અસલ જન્મનો દાખલો | P20/PW10 |
| ૨૧ | ભોગબનનારના જન્મની નોંધની ખરી નકલ | P21/PW10 |

**બચાવપક્ષે આંકે પડેલા દસ્તાવેજો :–**

| અ.નં. | દસ્તાવેજનું નામ | આંક |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પડેલા દસ્તાવેજો :–**

| અ.નં. | દસ્તાવેજનું નામ | આંક |
|---|---|---|
| – | – | – |

**:: મુદ્દામાલની વિગત ::**

| અ.નં. | મુદ્દામાલ પાવતી નંબર તથા તારીખ | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | **મુ.પા.નં.૩૦૩/૨૦૨૪, તા.૧૯/૧૨/૨૦૨૪** | (૧) બ્લુ કલરનું મેલુ જીન્સનું પેન્ટ તથા (૨) ગુલાબી લાઈનીંગ વાળો મેલો કુર્તો તથા (૩) કાળા કલરની બ્રા તથા (૪) ગુલાબી કલરની ચડી એક કાપડની બેગીમાં શીલબંધ છે તે |
| ૨ | **મુ.પા.નં.૦૫/૨૦૨૫, તા.૦૬/૦૧/૨૦૨૫** | (૧) એક બ્લુ તથા સફેદ ડીઝાઇન વાળો આખી બાઇનો શર્ટ તથા કાળુ ટ્રેક પેન્ટ એક કાપડની બેગીમાં શીલબંધ છે તે |
| ૩ | **મુ.પા.નં.૦૬/૨૦૨૫ તા.૦૬/૦૧/૨૦૨૫** | (૧) એક સફેદ કલરની મારુતી કંપનીની બલેનો કાર જેના રજી.નં.જી.જે.૧૦.ઈ.સી.૦૯૨૦ ના છે તે |

:: <u>જજમેન્ટ</u> ::

(૧) નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ***નિપુણ સક્સેના અને બીજાઓ વિરૂદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા અને બીજાઓ રિપોર્ટેડ ઈન ૨૦૧૮ આઈ. એન.એસ.સી.*** ના ચુકાદામાં પ્રસ્થાપિત સિદ્ધાંતોને ધ્યાનમાં રાખી તેમજ પોક્સો એકટની જોગવાઈઓ ધ્યાને લેતા, ભોગ બનનારની ઓળખ મોટા પાયે (પબ્લીક એટ લાર્જ) છતી ન થાય, તેની પુરતી કાળજી રાખવાના હેતુથી સદર ચુકાદામાં ભોગ બનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને ભોગ બનનારને નામની જગ્યાએ ''ભોગ બનનાર'' તરીકે તથા તેણીના માતા–પિતાને ભોગબનનારના માતા–પિતા તરીકે સંબોધવામાં આવેલ છે. ભોગબનનારના કુદરતી પિતાને આ કામે "X" તરીકે અને ભોગબનનારના સાવકા પિતાને "Y" તરીકે સંભોદવામાં આવેલ છે .

(૨) આ કામના આરોપી સ્પેશ્યલ પોક્સો સેશન્સ કેસ નં.૦૧/૨૦૨૫ ની ટ્રાયલનો સામનો કરી રહયા છે. તેઓની વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨),૮૭,૬૪(૨)(આઈ)(એમ) તેની (સંલગ્ન આઈ.પી.સી. કલમ–૩૬૩,૩૬૬,૩૭૬(૨)(આઈ)(એમ)) તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૧૨ (POCSO) ની કલમ–૬ મુજબના ગુન્હાઓ સબબ તા.૧૨/૦૩/૨૦૨૫ ના રોજ અત્રેની અદાલત દ્વારા **આંક–૦૯** થી તહોમતનામું ફરમાવેલ, જે તહોમતનામું આરોપીને વાંચી, સંભળાવતા તેનું **આંક–૧૦** મુજબ નિવેદન લેવામાં આવેલ. જેમાં તેઓએ તહોમતનામા મુજબના ગુન્હાનો ઈન્કાર કરેલ અને ટ્રાયલની માંગણી કરેલ. જેથી આરોપી સામે તહોમતનામા મુજબ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨),૮૭, ૬૪(૨)(આઈ)(એમ) તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૧૨ ની કલમ–૬ મુજબના ગુન્હા સબબ ની ટ્રાયલ હાથ ધરવામાં આવેલ.

**(૩) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત :–**

/એ/ આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના ફરીયાદી/ભોગબનનારના માતાની સગીર વયની દિકરી ભોગબનનાર

કે જેની ઉંમર વર્ષ ૧૪ વર્ષ વાળીને ફરીયાદીના કાયદેસરના વાલીપણામાં હતી તે વખતે આ કામના આરોપીએ તેણીને લાલચ આપી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે તા.૧૬/૧૨/૨૦૨૪ ના રોજ મોડી રાત્રના અઢી વાગ્યે ગુલાબનગરના ઢાળીયે આવી આરોપીની સફેદ કલરની ગાડીમાં બેસી જામનગર થી વહેલી સવારના સાડા પાંચેક વાગ્યે ચોટીલા પહોંચેલ અને ત્યાં રોડ પર ગાડીમાં આ કામના આરોપીએ ભોગબનનાર સાથે બે વખત શરીર સબંધ બાંધેલ ત્યારબાદ બપોરના આશરે સાડા બારેક વાગ્યે રાજકોટ ગ્રીન લેન્ડ ચોકડીએ આવેલ અને ભોગબનનારને ત્યાં ઉતારી આરોપી જતો રહેલ. આમ, આ કામના આરોપીએ ભોગબનનાર સગીર વયની હોવાનું જાણવા છતા ભોગબનનાર સાથે બે વખત શરીર સબંધ બાંધી, બળાત્કાર ગુજારી, ગુન્હો કરેલ હોય, જેથી આ કામના આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨),૮૭,૬૪(૨)(આઇ)(એમ) તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૧૨ ની કલમ-૬ મુજબનો ગુન્હો કરેલ જેની ફરીયાદ તા.૧૮/૧૨/૨૦૨૪ ના રોજ ફરીયાદીએ રાજકોટ રૂરલ શાપર (વે.) પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. રૂબરૂ જાહેર કરેલ.

/બી/ ફરીયાદીએ ઉપરોકત હકિકતે બનેલ બનાવની ફરીયાદ તા. ૧૮/૧૨/૨૦૨૪ ના રોજ રાજકોટ રૂરલ શાપર (વે.) પોલીસ સ્ટેશન ના પી.એસ.ઓ રૂબરૂ જાહેર કરતા તેઓએ ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ હકિકત લખી લઈ, ગુન્હો શાપર (વે.) પો.સ્ટે.ગુ.રજી.નં.૧૧૨૧૩૦ ૯૧૨૪૧૧૬૬/૨૦૨૪ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨), ૮૭,૬૪(૨)(આઇ)(એમ) તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૧૨ ની કલમ-૬ મુજબનો ગુન્હો નોંધી, આંક- P1/PW1 વાળી ફરીયાદ લખાવેલ હતી, ત્યારબાદ સદરહું ગુન્હાની તપાસ ત.ક.અમલદારને મળતા તેઓએ તપાસના અનુસંધાને સાહેદોના નિવેદનો લીધેલા, ભોગબનનાર તથા આરોપી મળી આવતા બંન્નેના કપડા કબ્જે કરેલાના પંચનામા કરેલા તેમજ બંન્નેની મેડીકલ તપાસણી કરાવેલ તેમજ ભોગબનનારનું બી.એન.એસ.એસ. કલમ-૧૮૩ મુજબનું નિવેદન લીધેલ

તેમજ કબ્જે કરેલ મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલેલ અને આરોપી સામે પુરતો પુરાવો જણાતા સ્પેશ્યલ પોક્સો કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

## (૪) તહોમતનામું અને આરોપીની પ્લી :–

સદર કામે ચાર્જશીટ તા.૨૬/૦૧/૨૦૨૫ ના રોજ રજુ કરતા જેને પોકસો કેસ નં.૦૧/૨૦૨૫ થી રજીસ્ટરે લઇ આરોપીને સમન્સ કાઢવામાં આવેલ. ત્યારબાદ આરોપી હાજર થતા આરોપીને કેસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કરી તા.૧૨/૦૩/૨૦૨૫ ના રોજ આરોપી વિરૂદ્ધ **આંક–૦૯** થી તહોમતનામું ફરમાવતા, આરોપીએ તેમના **આંક–૧૦** મુજબના નિવેદનથી ગુન્હો કર્યાનો ઈન્કાર કરી કેસ આગળ ચલાવવાની માંગણી કરતા તેમજ સરકારી વકીલની માંગણી કરતા સદર કેસની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. ત્યારબાદ સદર ઈન્સાફી કાર્યવાહી આખરી દલીલના સ્ટેજે પેન્ડીંગ હતી ત્યારે વિ.એડી.પી.પી.શ્રી દ્વારા આંક–૩૫ થી સદર કામે આંક–૯ થી જે ચાર્જ ફ્રેમ કરવામાં આવેલ તે ચાર્જમાં બી.એન.એસ.ની કલમ–૬૫(૧) તથા પોકસો એકટની કલમ–૫(એલ) નો ઉમેરો કરી અને તે બાબતનો સુધારો ચાર્જમાં કરવા બાબતની અરજી રજુ કરતા બચાવપક્ષના વિ.વ.શ્રીને સદર અરજી મંજુર કરવામાં આવે તો વાંધો નથી તેવી રજુઆત કરતા તેમજ તેવો શેરો કરતા સદર અરજી મંજુર કરવામાં આવેલી અને આંક–૯ ના ચાર્જમાં બી.એન.એસ.ની કલમ–૬૫(૧) તથા પોકસો એકટની કલમ–૫(એલ) નો ઉમેરો કરવામાં આવેલ અને ત્યારબાદ એડી.પી.પી.શ્રી તથા બચાવપક્ષના વિ.વ.શ્રી નાઓએ આંક–૩૬ થી સંયુકત અરજી આપી સુધારેલ ચાર્જના અનુસંધાનમાં બંન્ને પક્ષકારોએ વધારાનો કોઇ વિશેષ પુરાવો આપવાનો નથી તેવી પુરસીસથી જાહેર કરવામાં આવેલ છે જેથી સદર મુજબનો સુધારો કર્યા બાદ આ કામે કોઇ વિશેષ પુરાવો નોંધવામાં આવેલ નથી અને ઈન્સાફી કાર્યવાહી આખરી નિર્ણય માટે રાખવામાં આવેલ છે. ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આરોપી જામીન મુકત થયેલ છે.

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ ઉપરોકત FORM-C માં દર્શાવેલા તમામ પુરાવાઓની નોંધવાની કાર્યવાહી કરવામાં આવેલ. વિ.એડી.પી.પી.શ્રીએ આંક–૩૨ થી પુરાવો પુર્ણ થયાનું જાહેર કરતા ઈન્સાફી કાર્યવાહીના અંતે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧(સંલગ્ન સી.આર.પી.સી. કલમ–૩૧૩) મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવમાં આવેલ. જેમાં આરોપીએ તેમની સામેના પુરાવાનો મહદઅંશે ઈન્કાર કરી, તેમને સોગંદ ઉપર જુબાની આપવી નથી અને બચાવના સાહેદો તપાસવા નથી તેમજ વિશેષમાં તેઓ નિર્દોષ હોવાની તથા તેઓને ખોટી રીતે ગુન્હામાં સંડોવી દેવામાં આવેલ હોવાની હકિકતો જણાવેલ છે. વિશેષમાં આરોપીએ જાતે સોગંદ ઉપર પુરાવો આપેલ નથી કે પોતાના બચાવમાં કોઈ સાહેદો તપાસેલ નથી.

(૬) ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોક્ત તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લીધો તથા ફરીયાદપક્ષે સરકારશ્રી તરફે વિ.એડી. પી.પી.શ્રી જી.કે.ડોબરીયા નાઓને તથા બચાવપક્ષે આરોપી તરફે વિ.વ.શ્રી એ.આઈ.કુરેશી નાઓની સવિસ્તૃત દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) ફરીયાદપક્ષે <u>**વિદ્ધવાન એડી.પી.પી.શ્રી જી.કે.ડોબરીયા**</u> નાઓએ એવી દલીલ કરેલ છે કે,આરોપી સામે આંક–૯ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨),૮૭,૬૪(૨)(આઇ)(એમ) તથા પોકસો કાયદાની કલમ–૬ મુજબના શિક્ષા પાત્ર ગુન્હા બાબતનું તહોમતનામું ફરમાવવામાં આવેલ અને ત્યારબાદ ફરીયાદપક્ષ દ્ધારા કુલ–૧૦ સાહેદોને તપાસવામાં આવેલા અને ત્યારબાદ ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ભોગબનનારની ઉંમર ૧૬ વર્ષ કરતા ઓછી વયની હોવાનું રેકર્ડ ઉપર આવતા અને તે હકિકત ધ્યાને આવતા આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૫(૧) તથા પોકસો કાયદાની કલમ–૫(એલ) મુજબના ગુન્હા અંગેનું ચાર્જમાં વધારો આંક–૩૫ ની અરજી હેઠળના હુકમના સંદર્ભમાં કરવામાં આવેલ છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, બનાવ સમયે

ભોગબનનાર સગીર વયની હતી તે હકિકત પુરવાર કરવા માટે ભોગબનનાર, તેણીના માતા–પિતા તથા મેડીકલ ઓફીસરશ્રીના પુરાવા ઉપરાંત જસદણ નગરપાલીકના જન્મ–મરણ સબ રજીસ્ટારશ્રીને સાહેદ નં.૧૦ તરીકે તપાસવામાં આવેલ છે જેઓના પુરાવા દરમ્યાન ભોગબનનારના જન્મના દાખલામાં જણાવેલ ભોગબનનારની જન્મતારીખ ૦૩/૧૨/૨૦૧૦ ના રોજની હોવાનું પુરવાર કરવામાં આવેલ છે અને જેઓએ જન્મ રજીસ્ટર નો ઉતારો તથા ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર તથા ભોગબનનારનું જન્મ ડોકટર કોટડીયાની હોસ્પીટલમાં થયેલ જેઓએ રજીસ્ટર ફોર્મ સાહેદ નં.૧૦ ની ઓફીસમાં મોકલી આપેલ તેના આધારે ભોગબનનારની જન્મ તારીખની નોંધ કરવામાં આવેલી તેમ જણાવી તમામ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, ભોગબનનાર બનાવ સમયે આશરે ૧૪ વર્ષની સગીર બાળકી હોવાની હકિકત નિ:શંકપણે પુરવાર થયેલ છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, ભોગબનનારને મેડીકલ ઓફીસરશ્રી સમક્ષ શારીરીક તપાસણી માટે રજુ કરવામાં આવેલ છે. તેમજ આરોપીની પણ શારીરીક તપાસણી થયેલ છે અને મેડીકલ ઓફીસરશ્રીઓ સમક્ષ ભોગબનનાર તથા આરોપીએ બનાવની હકિકત જણાવેલ છે અને આરોપીએ મેડીકલ ઓફીસરશ્રી સમક્ષ ભોગબનનાર સાથે શારીરીક સબંધ બાંધેલ હોવાની કબુલાત કરેલ છે. મેડીકલ ઓફીસરશ્રીએ સ્વતંત્ર સાહેદો છે તેઓના પુરાવા ન માનવાને કોઇ કારણ નથી. વધુમાં મેડીકલ ઓફીસરશ્રીના પુરાવાથી આરોપી શારીરીક સબંધ બાંધવા માટે સક્ષમ હોવાની તેમજ ભોગબનનાર સાથે શારીરીક સબંધ બાંધેલ હોવાની શકયતાઓ નકારી શકાય તેમ નથી તેવો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે. વધુમાં તેઓની દલીલ કરેલ છે કે, ભોગબનારની માતાના પુરાવા મુજબ ભોગબનનારે તેણીને બનાવની વિગતો જણાવેલ છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, ભોગબનનારે તેમના પુરાવામાં આરોપી તેણીને લઇ ગયેલ હોવાનું અને કારમાં તેણીની સાથે શારીરીક સબંધ બાંધેલ હોવાનું અને આરોપીએ તેણીની સાથે બે વખત શારીરીક સબંધ બાંધેલ હોવાનું જણાવેલ છે. ભોગબનનાર બનાવ સમયે સગીર વયની હોય જેથી ભોગબનનારે જો આ શરીર સબંધ બાબતે સહમતી

આપેલ હોય તો પણ તેવી સંમતી કાયદાકીય સંમતી ગણાતી નથી. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, આ કામે પંચ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. પરંતુ આરોપી સામેના આક્ષેપો પુરવાર કરવા માટે ભોગબનનારનો વિશ્વાસનીય પુરાવો રેકર્ડ ઉપર આવે છે અને બચાવપક્ષ દ્વારા પોકસો એકટની કલમ–૨૯ તથા ૩૦ મુજબ આરોપી વિરૂદ્ધના એડવર્સ પ્રિઝમ્પશનનું ખંડન કરવામાં આવેલ નથી અને ફરીયાદપક્ષે ભોગબનનારના એક માત્ર પુરાવાથી પણ આરોપી સામેના આક્ષેપો નિ:શંકપણે પુરવાર થયેલ છે અને ભોગબનનારના પુરાવાને મેડીકલ ઓફીસરશ્રીઓના પુરાવાથી પણ સમર્થન મળે છે જેથી આરોપી સામેના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરેલ હોય આરોપીને કાયદામાં ઠરાવ્યા મુજબની વધુમાં વધુ સજા કરવા અરજ ગુજારેલ છે.

(૮) જયારે બચાવપક્ષ તરફે **આરોપીના વિ.વ.શ્રી એ.એસ.કુરેશી** ની મુખ્યત્વે દલીલ કરેલ છે કે, આ કામના ભોગબનનારની માતાએ બીજા લગ્ન કરેલ છે અને ભોગબનનાર પોતાની માતા તથા સાવકાપિતા સાથે બનાવ સમયે રહેતી હતી અને ભોગબનનારને તેણીની માતા, સાવકાપિતા તથા ભાઈ દ્વારા અવાર નવાર ત્રાસ આપવામાં આવતો હતો તે હકિકત રેકર્ડ ઉપર આવેલ છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, આ કામે ભોગબનનારના પુરાવા ઉપરાંત ભોગબનનારના માતા, તેણીના સાવકાપિતા તથા જનકપિતાને પણ સાહેદ તરીકે તપાસવામાં આવેલ છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, ભોગબનનાર બનાવના રોજ કપડા સુકાવવા માટે ગયેલી અને તેણી પોતાની મરજીથી તેણીના માતાના ત્રાસના કારણે ઘર છોડીને જતી રહેલી અને ત્યારબાદ તા.૧૬/૦૪/૨૦૨૪ ના રોજ પરત આવેલ છે અને ભોગબનનાર પોતાનું ઘર છોડેલ ત્યારે આરોપીએ તેણીને લઈ જવા આવેલ નહી કે તેણીને ઘર છોડી દેવા માટે કહેલ નહી કે તેણીનુ અપહરણ કરેલ નથી. પરંતુ ભોગબનનારે પોતે ઘર છોડી દીધા બાદ પોતાની બહેનપણીઓના ઘરે રહેલી અને આરોપીને ફોન કરીને બોલાવેલ જેથી આરોપીએ ભોગબનનારને કોઈ પણ પ્રકારની લાલચ આપી કે દબાણ કરી કે

લગ્નની કોઈ લાલચ આપી કે તેણીની સાથે બદકામ કરવાના ઈરાદે તેણીનું અપહરણ કરેલ હોય તે હકિકત ફરીયાદપક્ષ દ્વારા નિ:શંકપણે સાબિત કરવામાં આવેલ નથી. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી દ્વારા કારમાં બે વખત ભોગબનનાર સાથે શારીરીક સબંધ બાંધવામાં આવેલ પરંતુ ત.ક.અમલદારશ્રીએ કારમાંથી કોઈ નમુનાઓ લીધેલ નથી કે કારની સીટ કબ્જે લીધેલ નથી કે આરોપી વિરૂદ્ધ કોઈ મેડીકલ પુરાવો રજુ થયેલ નથી. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, આ કામે ભોગબનનારના માતા તથા પિતા નાઓએ ભોગબનનાર દ્વારા બનાવની હકિકત જણાવવામાં આવેલી તેવો પુરાવો આપેલ છે પરંતુ તેઓએ આ બનાવ નજરે જોયેલ નથી. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, મેડીકલ ઓફીસરશ્રી સમક્ષ ભોગબનનારે બનાવની હિસ્ટ્રી આપેલ છે જે જોતા પણ આરોપીએ ભોગબનનારને ભગાડી લઈ ગયેલ નથી પરંતુ ભોગબનનાર પોતાની માતાના શારીરીક ત્રાસના કારણે પોતાના ઘરેથી જતી રહેલ હોવાની હિસ્ટ્રી આપવામાં આવેલ છે અને ભોગબનનારના શરીર ઉપર ઈજાઓ પણ જોવામાં આવેલી છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, મેડીકલ ઓફીસરશ્રીના પુરાવાથી આરોપી દ્વારા ભોગબનનાર સાથે શારીરીક સબંધ બંધાયેલ હોવાની હકિકતને સમર્થન પ્રાપ્ત થતુ નથી. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, આરોપીની મેડીકલ તપાસણી થયેલ છે અને આરોપીએ પણ બનાવની હિસ્ટ્રી આપેલ છે. પરંતુ આરોપીએ આપેલ બનાવની હિસ્ટ્રી એકસ્ટ્રા જયુડીશ્યલ કબુલાત છે જે આરોપી દ્વારા પોલીસ કસ્ટડી દરમ્યાન આપવામાં આવેલ છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, ભોગબનનારે જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સમક્ષ નિવેદનમાં બનાવ અંગેની કોઈ હકિકત જણાવેલ નથી અને તે સમયે ભોગબનનારની માતા હાજર ન હતા જેથી આ કેસની સત્ય હકિકત ભોગબનનારના બી.એન.એસ.એસ ની કલમ–૧૮૩ થી રેકર્ડ ઉપર આવે છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, ભોગબનનારની માતાએ ભોગબનનારને ટ્યુટર્ડ કરેલ અને ત્યારબાદ ભોગબનનારે વિશેષ નિવેદન આપેલ છે જેથી ભોગબનનારે પોતાની મુકત સંમતીથી બનાવની સાચી હકિકત તેણીના વિશેષ નિવેદનમાં તથા કોર્ટ રૂબરૂના પુરાવામાં આપેલ નથી. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે,

બળાત્કારના કેસમાં ભોગબનનારનો પુરાવો મહત્વનો પુરાવો હોય છે અને ભોગબનનારના એક માત્ર પુરાવાથી આરોપીને સજા કરી શકાય પરંતુ ભોગબનનારના પુરાવામાં શંકા હોય અને ભોગબનનારના પુરાવાને અન્ય પુરાવાથી સમર્થન મળતુ ન હોય તે સંજોગોમાં આરોપીને શંકાનો લાભ આપવો જોઈએ અને ભોગબનનારે મેડીકલ ઓફીસરશ્રી રૂબરૂની બનાવની હિસ્ટ્રીમાં તથા બી.એન.એસ.એસ.-૧૮૩ મુજબના નિવેદનના સમયે તથા કોર્ટ રૂબરૂના પુરાવામાં અલગ અલગ હકિકતો જણાવે છે જેથી ભોગબનનારના પુરાવા ઉપર વિશ્વાસ મુકી શકાય નહી. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, ભોગબનનાર તથા આરોપીના કપડા કબ્જે કરવામાં આવેલ છેઅને તમામ મુદ્દામાલ એફ.એસ.એલ. મોકલવામાં આવેલ છે. પરંતુ આરોપી વિરૂદ્ધ કોઇ મેડીકલ પુરાવો કે સાયન્ટીફીક પુરાવો મળી આવેલ નથી. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષ દ્વારા ભોગબનનાર બનાવ સમયે ૧૬ વર્ષ કરતા ઓછી ઉંમરની સગીરવયની બાળકી હતી તે હકિકત નિ:શંકપણે પુરવાર કરવામાં આવેલ નથી. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, ભોગબનનારે પોતાના માતા-પિતાના દબાણના કારણે પુરાવો આપેલ હોવાનો પ્રથમદર્શનીય કેસ હોય આરોપીને શંકાનો લાભ આપવો જોઇએ. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, આરોપી ભોગબનનારના સગા પિંતાના બીજા પત્નીના સગા સબ ધી થાય છે અને પારીવારીક તકરારના કારણે ભોગબનનારના માતાએ ભોગબનનાર ઉપર માનસીક દબાણ કરી આરોપી વિરૂદ્ધ ખોટી ફરીયાદ કરેલ છે અને આ કામે ફરીયાદપક્ષ દ્વારા આરોપી વિરૂદ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં આવેલ ન હોય તે સંજોગોમાં આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૯) ઉપરકોત હકિકતે કેસના અંતીમ નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.:

**// મુદ્દાઓ //**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હતા ?

(૨) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદી/ ભોગબનનારના માતાની સગીરવયની દિકરી ભોગબનાર જન્મ તા.૦૩/૧૨/૨૦૧૦ ઉં.વ.૧૪ વર્ષ વાળી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાં હતી તે વખતે આ કામના આરોપીએ તેને લગ્નની લાલચ આપી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે તા.૧૧/૧૨/૨૦૨૪ થી તા.૧૬/૧૨/૨૦૨૪ દરમ્યાન ફરીયાદીના ઘરેથી લલચાવી, ફોસલાવી બદકામ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨),૮૭ મુજબનો શિક્ષને પાત્ર ગુન્હો કરેલ છે?

(૩) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ઉપરોકત દર્શાવેલ સ્થળ, તારીખ અને સમયે, ઉપરોકત દર્શાવેલ હકિકતે સગીર ભોગબનનારનું અપહરણ કરી, ભોગબનનાર સગીર વયની જાણતા અને માનવા હોવા છતા સગીર ભોગબનનાર સાથે બે વખત અવૈધ સંભોગ કરી, સગીર ભોગબનનાર ઉપર અનેક વાર બળાત્કાર ગુજારી, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૬૪(૨)(આઇ)(એમ),૬૫(૧) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૪) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ઉપરોક્ત દર્શાવેલ સ્થળ, તારીખ અને સમયે, ઉપરોકત દર્શાવેલ હકિકતે આ કામના આરોપી ભોગબનનાર સગીર વયની બાળકી હોવાનું જાણવા છતા, ઉપરોકત ગુન્હાઓ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૧૨ ની કલમની જોગવાઈ અનુસાર ઉગ્ર પ્રવેશ જાતીય હુમલો કરી જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૧૨ની કલમ-૫(એલ),૬ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૫) શું હુકમ ?

**(૧૦)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે નિર્ણયો કારણો અને તારણો સાથે નીચે મુજબ છે.:

(૧) ''હકારમાં''.

(૨) ''નકારમાં''.

(૩) ''નકારમાં''.

(૪) ''નકારમાં''.

(૫) આખરી હુકમ મુજબ.

## : પુરાવાની ચકાસણીના સિધ્ધાંતો, પુરાવાઓની ચર્ચા, વિશ્લેષણ, નિર્ણય અને નિર્ણયના કારણો :

**મુદ્દા નં.૧ :–**

**શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હતા ?**

**(૧૧)** આ કેસમાં ભોગબનનારની ઉંમરના સંદર્ભમાં રજુ થયેલા પુરાવાની ચર્ચા કરતા પહેલા કેટલાક કાયદાકીય જોગવાઈઓ તથા પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાને લેવા જરૂરી બને છે. નામદાર સુપ્રિમ કોર્ટે ***મહાડીયો વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર રીપોર્ટેડ ઈન ૨૦૧૩(૧૪) સુ.કો. કેસીસ પાન–૬૩૭*** ના કેસમાં તેમજ ***જર્નેલસિંગ વિ.સ્ટેટ ઓફ હરિયાણા ૨૦૧૩(૭) એસ.સી.સી. પાન–૨૬૩*** ના કેસમાં એવુ ઠરાવેલ છે કે,

> **"બળાત્કારના કેસમાં સગીર ભોગબનનારની ઉંમર નકકી કરવા માટે જુવેનાઇલ જસ્ટીસ (કેસ એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) રૂલ્સ–૨૦૦૭ ના નિયમ ૧૨(૩) લાગુ પડે છે અને ફકત આ રૂલ્સમાં જણાવેલ દસ્તાવેજી પુરાવાઓની ગેરહાજરીમાં મેડીકલ અભિપ્રાય ધ્યાને લઈ શકાય."**

વધુમાં ***સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ વિ. અનુપસિંહ,૨૦૧૫(૭), સુ.કો.કેસીસ પાન–૭૭૩*** ના કેસમાં પણ નામદાર સુપ્રિમ કોર્ટે એવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે,

> **બળાત્કારના કેસમાં ભોગબનનારની ઉંમર નિર્ણીત કરતી વખતે જુવેનાઇલ જસ્ટીસ (કેસ એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) રૂલ્સ–૨૦૦૭ ના નિયમ ૧૨(૩) ની જોગવાઇ ધ્યાને લેવાની રહે છે."**

આમ, જુવેનાઇલ જસ્ટીસ (કેસ એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) રૂલ્સ–૨૦૦૭ ના નિયમ ૧૨(૩) ની જોગવાઇઓ ધ્યાને લેવી જરૂરી બને છે. જે જોગવાઇઓ નીચે મુજબ છે.

**<u>Juvenile Justice (Care and Protection of Children) Rules : Rule-12(3) :</u>**

In every case concerning a child or juvenile in conflict with law, the age determination inquiry shall be conducted by the court or the Board or, as the case may be, the Committee by seeking evidence by obtaining -

(a) (i) the matriculation or equivalent certificates, if available; and in the absence whereof;

(ii) the date of birth certificate from the school (other than play school) first attended; and in the absence whereof;

(iii) the birth certificate given by a corporation or a municipal authority or panchayat;

(b) and only in the absence of either (i), (ii) or (iii) of clause (a) above, the medical opinion will be sought from a duly constituted Medical Board, which will declare the age of the juvenile or child. In case exact assessment of the age cannot be done, the Court or the Board or, as the case may be, the Committee, for the reasons to be recorded by them, may, if considered necessary, give benefit to the child or juvenile by considering his/her age on lower side within the margin of one year.

And, while passing orders in such case shall, after taking into consideration such evidence as may by available, or the medical opinion, as the case may be, record a finding in respect of his age and either of the evidence specified in any or the clauses (a)(i),(ii),(iii) or in the absence whereof, clause(b) shall be the conclusive proof of the age as regards such child or the juvenile in conflict with law."

આમ,જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) રૂલ્સ-૨૦૦૭ ના નિયમ ૧૨(૩) ની જોગવાઇઓ મુજબ પ્રથમ મેટ્રીકયુલેશન કે તેની સમકક્ષ સર્ટીફીકેટ જે ઉપલબ્ધ હોય તો તે ધ્યાને લેવાનું રહે છે. પરંતુ મેટ્રીકયુલેશન સર્ટીફીકેટ કે તેની સમકક્ષ સર્ટીફીકેટ ઉપલબ્ધ ન હોય તો ભોગબનનારે પ્રથમ જે સ્કુલમાં એડમીશન લીધેલ હોય તો તે સ્કુલના ભોગબનનારનછી જન્મ તારીખ અંગેના પ્રમાણપત્રને ધ્યાને લેવાનું રહે છે અને તે પણ ના હોય તો કોર્પોરેશન કે મ્યુનીસીપલ ઓથોરીટી કે પંચાયત દ્ધારા જન્મનું પ્રમાણપત્ર આપવામાં આવેલ હોય તો તે ધ્યાને લેવાનું રહે છે અને આ નિયમ ૧૨(૩)(એ) ના કલોઝ-૧,૨ અને ૩ મુજબના કોઈ પણ પુરાવા ન હોય તે જ સંજોગોમાં ડોકટરી અભિપ્રાય ધ્યાને લઈ શકાય. આ તબકકે ***નામદાર મદ્રાસ હાઈકોર્ટના ડિવીઝન બેન્ચના રજેન્દ્રન વિ.સ્ટેટ ઈન ક્રિમીનલ અપીલ ન.૪૮૩/૨૦૧૬, ડિસાઈડેડ ઓન તા.૨૩/૧૨/૨૦૧૬*** ના કેસમાં આપેલ ચુકાદામાં પ્રસથાપિત કરેલ સિદ્ધાંતને ધ્યાને લેવો જરૂરી બને છે. આ કેસમાં નામદાર ડિવીઝન બેંન્ચે એવુ ઠરાવેલ કે ભોગબનનારની ઉંમર જુવેનાઇલ જસ્ટીસ (કેસ એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એકટની કલમ-૯૪(૨) ધ્યાને લઈ, પોકસો એકટની કલમ-૩૪ (૧) મુજબ નિર્ધારીત કરવી જોઇએ. આમ, ઉપરોકત ચર્ચા મુજબ ભોગબનનારની ઉંમર નકકી કરતી વખતે સ્પેશ્યલ પોકસો કોર્ટે પોકસો એકટની કલમ-૩૪(૧) તથા જુવેનાઇલ જસ્ટીસ એકટની કલમ-૯૪(૨) માં દર્શાવેલ ધારાધોરણને ધ્યાને લેવાનું રહે છે. વધુમાં આ તબકકે જાતીય ગુન્હાઓથી બાળકોના રક્ષણ

બાબત અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૩૪ ની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી જણાઈ આવે છે જે નીચે મુજબ છે.

**Section-34 of the POCSO Act : Procedure in case of commission of offence by child and determination of age by Special Court :**

(1) Where any offence under this Act is committed by a child, such child shall be dealt with under the provisions of the Juvenile Justice (Care and Protection of Children) Act, 2015 (2) of 2016).

(2) If any question arises in any proceeding before the Special Court whether a person is a child or not, such question shall be determined by the Special Court after satisfying itself about the age of such person and it shall record in writing its reasons for such determination.

(3) No order made by the Special Court shall be deemed to be invalid merely by any subsequent proof that the age of a person as determined by it under sub-section (2) was not the correct age of that person."

આ તબક્કે જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) ૨૦૧૫ ની કલમ–૯૪(૨) ની જોગવાઈઓ પણ ધ્યાને લેવી જરૂરી જણાઈ આવે છે.

**Section-94 of the J.J. Act : Presumption and determination of age :**

(1) Where, it is obvious to the Committee or the Board, based on the appearance of the person brought before it under any of the provisions of this Act (other than for the purpose of giving evidence) that the said person is a child, the Committee or the Board shall record such observation stating the age of the child as nearly as may be and

proceed with the inquiry under section 14 or section 36, as the case may be,without waiting for further confirmation of the age.

(2) In case, the Committee or the Board has reasonable grounds for doubt regarding whether the person brought before it is a child or not, the Committee or the Board, as the case may be, shall undertake the process of age determination, by seeking evidence by obtaining –

(i) the date of birth certificate from the school, or the matriculation or equivalent certificate from the concerned examination Board,if available;and in the absence thereof;

(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(iii) and only in the absence of (i) and (ii) above,age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the orders of the Committee or the Board; Provided such age determination test conducted on the order of the Committee or the Board shall be completed within fifteen days from the date of such order.

(3) The age recorded by the Committee or the Board to be the age of person so brought before it shall, for the purpose of this Act, be deemed to be the true age of that person."

In the case of ***P. Yuvaprakash Versus State represented by Inspector of Police in Criminal Appeal No. 1898 of 2023 decided on date 18-07-2023*** wherein the Honorable Supreme Court held that:

"It is evident from conjoint reading of the above provisions that wherever the dispute with respect to the age of a person arises in the context of her or him being a victim under the POCSO Act, the courts have to take recourse to the steps indicated in Section 94 of the JJ Act. The three documents in order of which the Juvenile Justice Act requires consideration is that the concerned court has to determine the age by considering the following documents:

(i) the date of birth certificate from the school, or the matriculation or equivalent certificate from the concerned examination Board, if available; and in the absence thereof;

(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(iii) and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the orders of the Committee or the Board.

**(૧૧.૧)** ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ તા.૧૧/૧૨/૨૦૨૪ થી તા.૧૬/૧૨/૨૦૨૪ સુધીમાં બનેલ છે. ભોગબનનારની જન્મ તારીખ ૦૩/૧૨/૨૦૧૦ ના રોજની છે અને બનાવ સમયે ભોગબનનારની ઉંમર ૧૪ વર્ષની હતી. ભોગબનનારની ઉંમર સાબિત કરવા માટે ફરીયાદપક્ષે સાહેદ નં.૩ તરીકે આંક-૨૧ થી ભોગબનનારના માતાને તપાસેલ છે જે આ કામના ફરીયાદી છે. તેઓના પુરાવા મુજબ ભોગબનનારની જન્મ તારીખ ૦૩/૧૨/૨૦૧૦ ના રોજની છે અને બનાવ વખતે ભોગબનનારની ઉંમર ૧૪ વર્ષની હતી તેમ જણાવેલ છે. વધુમાં તેઓએ ભોગબનનારનો જન્મ

કોટડીયા હોસ્પીટલમાં જસદણ મુકામે થયેલ હોય અને ભોગબનનારની જન્મની નોંધણી કરાવેલ હોવાનું જણાવેલ છે. વધુમાં ફરીયાદપક્ષે સાહેદ નં.૪ તરીકે આંક–૨૨ થી ભોગબનનારને તપાસેલ છે. ભોગબણનારના પુરાવા મુજબ તેણીની જન્મ તારીખ ૦૩/૧૨/૨૦૧૦ ના રોજની છે. તેણીનો પુરાવો નોંધવામાં આવેલ તે વખતે તેણી ધોરણ–૯ માં અભ્યાસ કરતી હતી તેમ જણાઈ આવે છે. વધુમાં ફરીયાદપક્ષે આંક–૨૩ થી ભોગબનનારના સાવકા પિતાને સાહેદ નં.૫ તરીકે આંક–૨૩ થી તપાસેલ છે જેઓના પુરાવા મુજબ પણ બનાવ વખતે ભોગબનનારની ઉંમર ૧૪ વર્ષની હતી તેવી હકિકત રેકર્ડ ઉપર આવેલ છે. આ કામે ફરીયાદપક્ષે આંક–P-14/PW-9 થી ભોગબનનારના જન્મના પ્રમાણપત્રની નકલ રજુ કરેલ છે. જે દસ્તાવેજી પુરાવાની વિગતો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે સાહેદ નં.૧૦ તરીકે જસદણ નગરપાલીકામાં જન્મ–મરણ વિભાગમાં ફરજ બજાવતા સબ–રજીસ્ટ્રારશ્રીને આંક–૩૧ થી તપાસેલ છે જેઓના પુરાવા મુજબ તેમની કામગીરીમાં જન્મ અને મરણની નોંધ કરવાનું આવે છે અને જન્મ મરણ અંગેના જુના રજીસ્ટરો તેમની પાસે હોય છે. તેમને આંક– P-14/PW-9 થી રજુ ભોગબનનારના જન્મ પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ બતાવતા તે દાખલો તા.૧૮/૧૧/૨૦૧૩ ના રોજ જે તે સમયેના રજીસ્ટ્રારશ્રી ડી.જે.ભટ્ટ નાઓએ ભોગબનનારને આપેલ હતો જેમાં ભોગબનનારની જન્મ તારીખ ૦૩/૧૨/૨૦૧૦ ના રોજની અને નોંધણી તા.૦૬/૧૨/૨૦૧૦ થી નોંધણી ક્રમાંક–૨૪૫૩ થી થયેલ હોવાનું જણાવે છે. તેઓનો પુરાવો નોંધવામાં આવેલ ત્યારે તેઓ સને–૨૦૧૦ નો અસલ જન્મ રજીસ્ટર લાવેલ અને તેમના પુરાવા દરમ્યાન આંક– P-14/PW-9 થી ભોગબનનારના જન્મ પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલમાં લખેલ વિગતો સરખાવવામાં આવેલ તે જોતા ભોગબનનારની જન્મ તારીખ ૦૩/૧૨/૨૦૧૦ ના રોજની હોવાનું જણાવેલ છે તેમજ તેઓએ પુરાવા દરમ્યાન અસલ જન્મ રજીસ્ટરમાં તા.૦૬/૦૧/ ૨૦૧૦ ના રોજની નોંધ નં.૨૪૫૩ નો ઉતારો અસલ સાથે ખરાઈ કરી ખરી નકલ રજુ કરેલ છે જે આ કામે આંક– P-19/PW-10 થી રજુ થયેલ છે. તેમજ તેઓએ ભોગબનનારના જન્મનો દાખલો અસલ રજુ કરેલ છે જે આ કામે

આંક– P-20/PW-10 થી રજુ થયેલ છે. તેમજ ભોગબનનારના જન્મની નોંધ ડો.કોટડીયાની હોસ્પીટલ દ્વારા મોકલવામાં આવેલ રજીસ્ટ્રેશન ફોર્મ મુજબની માહિતી મુજબ તેઓની કચેરીના રેકર્ડમાં કરવામાં આવેલ હોવાનુ જણાવેલ છે. તેમજ તેઓએ સદર ફોર્મની ખરી નકલ રજુ કરેલ છે જે આ કામે આંક– P-21/PW-10 થી રજુ છે. જે દસ્તાવેજો જોતા સદર સાહેદે તેમના પુરાવામાં ભોગબનનારની જન્મ તારીખ ૦૩/૧૨/૨૦૧૦ નોંધણી તા.૦૬/૧૨/ ૨૦૧૦ થી નોંધણી ક્રમાંક–૨૪૫૩ થી થયેલ હોવાનું જણાવે છે તે હકિકતને સમર્થન મળે છે. આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા બનાવ વખતે ભોગબનનાર ૧૪ વર્ષ ૧૦ માસ અને ૮ દિવસની હોવાનું પુરવાર થાય છે. વધુમાં સક્ષમ ઓથોરીટી દ્વારા જયારે નિયતક્રમમાં દસ્તાવેજો નિભાવવામાં આવતા હોય અને જે દસ્તાવેજો રેકર્ડ ઉપર દસ્તાવેજી પુરાવા સ્વરૂપે રજુ થતા હોય,ત્યારે સદર દસ્તાવેજોની હકિકતો પણ ન માનવાને કોઈ કારણ રહેતુ નથી. વધુમાં બચાવપક્ષે બનાવના રોજ ભોગબનનાર સગીરવયની ન હતા તે હકિકત પુરવાર કરેલ નથી. જેથી બનાવ સમયે ભોગબનનાર સગીર વયની ન હતા તે માનવાનું કોઈ કારણ રહેતુ નથી અને ફરીયાદપક્ષે સાહેદોના પુરાવા ઉપરાંત ભોગબનનારના જન્મ પ્રમાણપત્રની વિગતો પુરવાર કરી પોકસો એકટની કલમ–૩૪ તથા જે.જે.એકટની કલમ–૯૯ ની જોગવાઈઓ તેમજ ઉપરોકત વિગતે નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ બનાવ ના રોજ ભોગબનનાર સગીર વયના હતા તે હકિકત નિ:શંકપણે પુરવાર કરેલ હોય જેથી **મુદ્દા નં.૧** નો જવાબ "**હકારમાં**" આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨ :–</u>**

**<u>શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી/ ભોગબનનારના માતાની સગીરવયની દિકરી ભોગબનાર જન્મ તા.૦૩/૧૨ /૨૦૧૦ ઉ.વ.૧૪ વર્ષ વાળી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાં હતી તે વખતે આ કામના આરોપીએ તેને લગ્નની લાલચ આપી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે તા.૧૧/૧૨/૨૦૨૪ થી તા.૧૬/૧૨/૨૦૨૪ દરમ્યાન</u>**

**<u>ફરીયાદીના ઘરેથી લલચાવી, ફોસલાવી બદકામ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઇ જઇ, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨),૮૭ મુજબનો શિક્ષને પાત્ર ગુન્હો કરેલ છે?</u>**

**(૧૨)** આ ગુનાના સંદર્ભમાં આરોપી વિરુદ્ધ રજુ થયેલા પુરાવાઓની ચર્ચા કરતા પહેલા ગુનાને લગતા કાયદાકીય જોગવાઈઓ અને પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાને લેવા જરુરી જણાય છે .

**<u>Section 87 of B.N.S. : Kidnapping, abducting or inducing womam to compel her marriage:-</u>**

Whoever kidnaps or abducts any woman with intent that she may be compelled, or knowing it to be likely that she may be compelled, to marry any person against her will, or in order that she may be forced or seduced to illicit intercourse or knowing it to be likely that she will be forced or seduced to illicit intercourse, shall be punished with imprisonment of either description for a term which may extend to ten years, and shall also be liable to fine and whoever, by means of criminal initimidation as defined in thid Sanhita or of abuse of authority or any other, method of compulsion, induces any woman to go from any place with intent that she may be, or knowing that it is likely that she will be, forced or seduced to illicit intercourse with another person shall also be punishable as aforesaid.

**(૧૨.૧)** અત્રે ઉલ્લેખનીય છે કે ભારતીય ન્યાય સંહીતા (બી. એન. એસ.) એ કાયદો તા. ૧લી જુલાઈ ૨૦૨૪ ના અસર થી અસ્તીત્વમાં આવેલ છે. બી. એન. એસ. ની કલમ ૮૭ ની જોગવાઈઓ ઈન્ડીયન પીનલ કોડની કલમ– ૩૬૬ મુજબની સરખી જોગવાઈઓ છે .

**Section 137 of B.N.S. : Kidnapping : -**

(1) Kidnapping is of two kinds: kidnapping from India, and kidnapping from lawful guardianship—

(a) whoever conveys any person beyond the limits of India without the consent of that person, or of some person legally authorised to consent on behalf of that person, is said to kidnap that person from India;

(b) whoever takes or entices any child or any person of unsound mind, out of the keeping of the lawful guardian of such child or person of unsound mind, without the consent of such guardian, is said to kidnap such child or person from lawful guardianship.

Explanation- The word"lawful guardian" in this clause include any person lawfully entrusted with the care or custody of such child or other person.

Exception- This clause does not extend to the act of any person who in good faith believes himself to be the father of an illegitimate child, or who in good faith believes himslef to be entitled to the lawful custody of such child, unless such act is committed for an immoral or unlawful purpose.

(2) Whoever kidnaps any person from India or from lawful guardianship shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, and shall also be liable to fine.

**(૧૨.૨)** બી.એન.એસ.ની કલમ–૧૩૭ ની જોગવાઇઓ ઇન્ડીયન પીનલ કોડની કલમ–૩૬૩ મુજબની સરખી જોગવાઇઓ છે. આમ, ઉપરોકત જોગવાઇઓ મુજબ ફરીયદપક્ષે એ હકીકત પરવાર કરવાનુ રહે છે કે બનાવના

રોજ ભોગબનનાર તેના માતા-પિતાના કાયદેસરના વાલીપણામાં હતી અને આરોપી સગીર ભોગબનનારને તેણીના માતા-પિતાના કાયદેસરના વાલીપણામાંથી ભોગબનનારના માતા-પિતાની મરજી વિના લઇ ગયેલ/ અપહરણ કરેલ અને તે અપહરણ તેણીની મરજી વિરુધ્ધ લગ્ન કરવા સારુ કે તેણીની મરજી વિરુદ્ધ શારીરીક સંબંધ બાંધવા સારુ કરેલ યા તો બીજા કોઇ ઇસમ તેણીની મરજી વિરુદ્ધ શારીરીક સંબંધ બાંધવા માટેના ઇરાદો ધરાવી આરોપીએ સગીર ભોગબનનારને આપારાધીક ધમકી આપી યા તો પોતાનો હોદાનો દુરુપયોગ કરીને યા તો કોઇ પણ પ્રકારે તેણીની ઉપર દબાણ આપીને કોઇ જગ્યા છોડી દેવા દબાણ કરેલ હતુ. આમ, ઉપરોકત જોગવાઇ જોતા આરોપીનો ઇરાદો મહત્વની ભુમીકા નિભાવે છે. ઉપરોકત કાનુની જોગવાઇના સંદર્ભમાં નામ. સર્વોચ્ચ અદાલતના ***એસ.વર્દરાજન વિરૂદ્ધ સ્ટેટ ઓફ મદ્રાસ, એ.આઇ.આ.૧૯૬૫ સુપ્રિમકોર્ટ પાના નં.૯૪૨*** ના ચુકાદામાં ઇ.પી.કો.કલમ-૩૬૧ માં જણાવવામાં આવેલ વાલીપણામાંથી અપહરણના ગુન્હાની વ્યાખ્યા પૈકી ''લઇ જવુ'' "taking of " શબ્દનું અર્થધનટ કરતા એવું ઠરાવેલ છે કે:

**Para-9 " There is a distinction between "taking" and "allowing" a minor to accompany a person. The two expressions are not synonymous though it can not be laid down that in no conceivable circumstances can the two be regarded as meaning the same thing for the purpose of Sec. 361. Where the minor leaves her father's protection knowing and having capacity to know the full import of what she is doing, voluntarily joins the accused person, the accused can not be said to have taken her away from the keeping of her lawful guardian. Something more has to be shown in a case of this kind and that is some kind of inducement held over by the accused person or an active participation by him in the formation of the intention of the minor to leave the house of the guardian".**

આ કેસમાં નામદાર સુપ્રીમ કોર્ટે ("entices") શબ્દનો પણ અવલોકન કરેલ છે અને ઠરાવેલ છે કે, સગીર ભોગબનનારનુ અપહરણ કરવા માટે આરોપીએ ભોગબનનારને પિતાના ઘરેથી જતા રહેવામાં તેમજ ભગાડી જવામાં ચોક્કસ ભાગ ભજવેલ હોવુ જોઇએ. આમ, ઉપરોકત કાયદાકીય

જોગવાઇઓ તેમજ કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંત જોતા ભોગબનનાર સગીર બાળાને માત્ર તેના વાલીપણામાંથી ખસેડવાથી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૮૭ મુજબનો વાલીપણામાંથી અપહરણનો ગુન્હો બની જતો નથી, પરંતુ ''લઈ જવુ'' "takes of " પુરવાર કરવા માટે માત્ર ખસેડવાથી વિશેષ કાંઇક પુરાવો હોવો જરૂરી છે. તેમજ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭ મુજબ આરોપીનો ઈરાદો સદર જોગવાઈ મુજબનો ગુન્હો આચરવા માટેનો હોવો જોઇએ.

(૧૩) આમ, સદર ચુકાદાના સિધ્ધાંતોના દ્રષ્ટીકોણથી હાલના કેસમા રજુ થયેલા પુરાવાની ચર્ચા કરીએ તો **ભોગબનનારના માતાએ તેમના આંક–૨૧** ના પુરાવામાં જણાવે છે કે તેમને સંતાનમાં એક દિકરો અને એક દિકરી ભોગબનનાર છે અને તેમના પ્રથમ લગ્ન "x" (સાહેદ નં. ૮) સાથે થયેલ અને ભોગબનનારનો જન્મ તેમના અગાઉના પતિ "x" થકી થયેલ છે .તેણીએ તેમના પતિ " x" ને છુટાછેડા દિધા બાદ બીજા લગ્ન " Y" (સાહેદ નં ૫) સાથે કરેલ હતા. બનાવ સમયે ભોગબનનાર દીકરી કપડા સુકાવવા ધાબા ઉપર ગયેલ હતી અને ત્યાંથી જતી રહેલી. વધુમાં ફરીચાદી જણાવે છે કે ચાર પાંચ દિવસ બાદ આરોપીના માસી નો ફોન તેણીના દિકરા ઉપર આવેલ અને કહેલ કે ભોગબનનાર દિકરી રાજકોટ બસ સ્ટેશને બેઠેલ છે અને તેઓ તેને લઈ આવેલા પરંતુ આ હકીકત ફરીચાદીએ તેમની ફરીચાદમાં લખાવેલ નથી. જ્યારે આ કામે આંક–P7/PW3 થી ફરીચાદ રજુ થયેલ છે જે ધ્યાને લેતા ભોગબનનાર તા.૧૬–૧૨–૨૦૨૪ ના રોજ ઘરે આવેલ આવેલ હોવાનુ જણાઈ આવે છે. વધુમાં ફરીચાદી જણાવે છે કે "ભોગબનનારે તેમને જણાવેલ કે આરોપી તેણીને ચોટીલા ફોર વ્હીલમાં લઈ ગયેલો". જ્યારે ફરીચાદીની ફરીચાદ જોતા ભોગબનનારે આરોપીને ફોન કરીને બોલાવેલ હોવાનુ ભોગબનનારે કહેલ હોવાનુ જણાઈ આવે છે. વધુમાં ફરીચાદી એવુ પણ જણાવે છે કે આ ફરીચાદ કરી તે પહેલા ભોગબણનાર તેમને જાણ કર્યા વગર તેના જનક પિતા "X" પાસે જામનગર ખંભાળીયા પાસે જતી રહેલી અને તે જ દિવસે તેઓ તેણીને પરત લઈ આવેલા. વધુમાં ફરીચાદી એવુ પણ જણાવેલ

છે કે, ત્યારબાદ બીજી વખત ભોગબનનાર હાલના આરોપી સાથે ભાગી ગયેલી અને તેઓને જાણ થતા તેઓ તાત્કાલીક જામનગર–ખંભાળીયા જઇ ભોગબનનારને પરત લઇ આવેલા. પરન્તુ આવી કોઇ હકીકત ફરીયાદીએ તેમની ફરીયાદમાં લખાવેલ નથી. વધુમાં  ફરીયાદી તેમના ઉલટતપાસના પુરાવામાં ભોગબનનાર ૫–૬ દિવસે પરત આવેલી અને તેણીને કે તેણીના પતિને જાણ કર્યા વગર જતી રહેલ હોવાનું કબુલ રાખેલ છે. વધુમાં ફરીયાદવાળા બનાવ વખતે ભોગબનનાર તેમના ઘરેથી કોઇને કહયા વગર તેણીની બહેનપણી દિપાલીના ઘરે ગયેલ હોવાની હકિકત તેમજ માંડા ખાતેથી દિપાલી સાથે ભોગબનનાર મહુવા ખાતે તેણીની મીત્ર વૈદેહીને ત્યાં ગયેલ હોવાની હકિકત પણ ઉલટતપાસમાં કબુલ રાખેલ છે જે હકીકત ફરીયદમાં પણ લખાવેલ હોવાનુ જણાઇ આવે છે. વધુમાં ફરીયાદી ઉલટતપાસમાં ફરીયાદ દાખલ કરી તેના અઢી મહીના અગાઉ તેમના જનકપિતાને ત્યાં તેમને કહયા વગર જતી રહેલી અને તે વખતે ભોગબણનાર તેના જનક પિતાને ત્યાં દોઢ મહીના રોકાયેલ હોવાનું જણાવેલ છે જ્યારે સરતપાસના પુરાવામાં ભોગબણનારને તેમન જનક પિતાના ઘરેથી તે જ દિવસે લઇ આવેલાનું જણાવે છે. આમ, ફરીયાદીનો પુરાવો જોતા બનાવના દિવસે ભોગબનનાર ફરીયાદી તથા તેણીના સાવકા પિતાના ઘરે તેઓના વાલીપણામાં રહેતી હોવાનું રેકર્ડ ઉપર આવે છે અને ભોગબનનાર બનાવવાળા દિવસે પોતાના મરજીથી કોઇને કહ્યા વગર તેણીની બેનપણીના ઘરે જતી રહેલ હોવાનું જણાઇ આવે છે. ફરીયાદીએ આરોપીને ભોગબણનારેને અપહરણ કરીને લઇ  જતા જોયેલ નથી. વધુમાં ફરીયાદીનો પુરાવો જોતા તેઓને ભોગબનનાર રાજકોટ બસ સ્ટેન્ડ ઉપર બેઠેલ હોવાનું જાણવા મળેલ ત્યારે તેઓ ભોગબનનારને લઇ આવેલા ત્યારે આરોપી ભોગબનનાર સાથે હાજર હતો તેમ જણાય આવતુ નથી. આમ, ફરીયાદીના પુરાવા મુજબ આરોપીએ બનાવના રોજ ફરીયાદીના ઘરેથી ભોગબનનારને લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી, તેણીનું અપહરણ કરી લઇ ગયેલ હોય હોવાની હકિકતને સમર્થન મળતુ નથી. પરંતુ ફરીયાદીનો પુરાવો જોતા આ બનાવ અગાઉ પણ ભોગબનનાર ફરીયાદીને તથા તેના સાવકા પિતાને કહયા

વગર તેના જનકપિતાના ઘરે જતી રહેલ હોવાની હકિકત પણ રેકર્ડ ઉપર આવે છે. ફરીયાદીએ આ બનાવ બનેલ તે દિવસે અને ત્યારબાદ ભોગબનનારને ઘરે પરત લાવ્યા તે સમય દરમ્યાન કોઇ પણ તબકકે આરોપીને ભોગબનનાર સાથે જોયેલ હોવાનો કોઇ પણ પુરાવો ફરીયાદી મારફતે રેકર્ડ ઉપર આવતો નથી.

(૧૪) વધુમાં આ કામે **ભોગબનનારના સાવકા પિતા "Y" કે જેઓને ફરીયાદપક્ષે સાહેદ નં.પ તરીકે આંક-૨૩** થી તપાસેલ છે તેઓના પુરાવા મુજબ ફરીયાદી તેમના બીજા પત્ની થાય છે અને તેઓના સાથે ફરીયાદીના લગ્ન થયેલ ત્યારે ફરીયાદી બે બાળકો સાથે તેમની સાથે રહેવા આવેલા જેમાં ભોગબનનાર દિકરી પણ હતી અને ફરીયાદીએ આગઉ "X" સાથે લગ્ન કરેલ હતા. આમ, આ સાહેદનો પુરાવો જોતા બનાવ બનેલ ત્યારે ભોગબનનાર ફરીયાદી સાથે આ સાહેદના ઘરે રહેતા હોવાનું રેકર્ડ ઉપર આવે છે. આ સાહેદ ભોગબનનારના સાવકા પિતા થાય છે અને ભોગબનનારના માતાના લગ્ન આ સાહેદ સાથે થયેલ છે જેથી બનાવ વખતે ભોગબનનાર તેણીના માતા તથા હાલના સાહેદના કાયદેસરના વાલીપણામાં હતી તે હકિકત ને સમર્થન મળેલ છે. વધુમાં આ સાહેદનો પુરાવો જોતા બનાવના રોજ તેઓ કામ અર્થે ગાડીમાં ગયેલ હતા જેથી આ સાહેદ બનાવ વખતે ઘરે હાજર ન હતા તે હકિકત પણ રેકર્ડ ઉપર આવે છે. વધુમાં આ સાહેદે તેમના પુરાવામાં જણાવે છે કે, તેણીના પત્ની/ફરીયાદી નો ફોન આવેલ કે ભોગબનનાર દિકરી ઘરે થી જતી રહેલ છે અને ત્યારબાદ ભોગબનનાર દિકરી છ-સાત દિવસે પરત આવેલી. વધુમાં આ સાહેદે તેમના ઉલટતપાસના પુરાવામાં ભોગબનનારને બનાવ અંગે તેઓએ કોઇ પુછપરછ કરેલ નથી અને ભોગબનનારે પણ તેણીને કોઇ વાત કરેલ નથી તેવી હકિકત કબુલ રાખેલ છે આમ આ સાહેદનો પુરાવો જોતા ભોગબનનાર સાથે આ સાહેદને કોઇ વાતચિત થયેલ નથી. વધુમાં આ સાહેદે તેમના ઉલટતપાસના પુરાવામાં બનાવ અગાઉ ત્રણ માસ પહેલા ભોગબનનાર તેના જનકપિતાને ત્યાં જતી રહેલ હોવાની હકિકત કબુલ રાખેલ છે તેમજ બનાવ વખતે ભોગબનનાર ઘરેથી નીકળી તેણીના બહેનપણીના

ઘરે ગયેલ હતી તેમજ ભોગબનનારને રાજકોટ બસ સ્ટેન્ડથી લઈ આવેલ હોવાની હકિકત કબુલ રાખેલ છે. જેથી આ સાહેદનો ઉપરોકત પુરાવો જોતા ભોગબનનારને રાજકોટ બસ સ્ટેન્ડથી પરત લઈ આવેલા તે વખતે આ સાહેદ દ્વારા પણ આરોપીને ભોગબનનાર સાથે જોવામાં આવેલ હોય તેમ જણાય આવતુ નથી. વધુમાં આ સાહેદ તેમના પુરાવામાં ભોગબનનારના જનકપિતાનો ફોન આવેલ અને જણાવેલ કે, ભોગબનનાર રાજકોટ બસ સ્ટેન્ડ છે, તેણીને જઈને લઈ આવો તેમ જણાવેલ છે. જયારે ફરીયાદી તેમના પુરાવામાં એવુ જણાવે છે કે, આરોપીના માસીનો ફોન તેમના દિકરા ઉપર આવેલો અને ભોગબનનાર રાજકોટ બસ સ્ટેન્ડ પર બેઠેલ છે તેમ જણાવેલુ. આમ, ફરીયાદી અને આ સાહેદનો પુરાવો જોતા ભોગબનનાર રાજકોટ બસ સ્ટેન્ડ ઉપર બેઠેલી છે તેવી જાણ કરનાર વ્યકિતના નામમાં વિરોધાભાષી પુરાવો રેકર્ડ ઉપર આવે છે. આમ, આ સાહેદ જે ભોગબનનારના સાવકા પિતા થાય છે તેઓના પુરાવાથી પણ આરોપી ભોગબનનારને લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી, તેણીનું અપહરણ કરી લઈ ગયેલ હોય તેવી હકિકત ભોગબનનારે તેઓને જણાવેલ હોય તેવી હકિકત રેકર્ડ ઉપર આવતી નથી. પરંતુ ભોગબનનાર તેણીના સાવકા પિતાના ઘરે બનાવ અગાઉ ગયેલ હોવાનું રેકર્ડ ઉપર આવે છે. બચાવપક્ષ દ્વારા એવો બચાવ લેવામાં આવેલ છે કે, આ સાહેદ અને ફરીયાદીએ ભોગબનનારને ઠપકો આપેલો અને તેણીની સાથે મારઝૂડ કરતા હતા જેથી ભોગબનનાર જતી રહેલી. પરંતુ આ સાહેદે તેમની ઉલટતપાસના પુરાવામાં ઉપરોકત હકિકતનો ઈન્કાર કરેલ છે.

(૧૫) આ કામે **ભોગબનનારના જનકપિતા "X" નાઓને ફરીયાદપક્ષે સાહેદ નં.૮ તરીકે આંક-૨૮** થી તપાસેલ છે.જેઓના પુરાવા મુજબ ભોગબનનાર તેઓની દિકરી થાય છે અને બનાવના આઠ-નવ વર્ષ પહેલા ફરીયાદી સાથે તેઓના છુટા છેડા થઈ ગયેલા અને ત્યારબાદ ફરીયાદીએ "Y" સાથે લગ્ન કરી લીધેલ અને ભોગબનનાર દિકરી તથા ફરીયાદી "Y" સાથે રહે છે. આમ, આ સાહેદનો પુરાવો જોતા પણ બનાવ વખતે ભોગબનનાર

ફરીયાદી તથા "Y" ના વાલીપણામાં રહેતી હોવાની હકિકતને સમર્થન મળે છે. વધુમાં આ સાહેદનો પુરાવો જોતા બનાવના રોજ ફરીયાદીનો ફોન આવેલ અને જણાવેલ કે, ભોગબનનાર દિકરી ઘરેથી જતી રહેલ છે. આમ, આ સાહેદને ઉપરોકત પુરાવો જોતા ફરીયાદીએ આ સાહેદને એવુ કાંઇ જણાવેલ હોય કે ભોગબનનાર આરોપી સાથે ઘરેથી જતી રહેલ હોય તેવુ જણાય આવતુ નથી. આમ, ફરીયાદી, સાહેદ નં.૫ તથા સાહેદ નં.૮ નો પુરાવો એક સાથે વાંચતા બનાવ વખતે ભોગબનનાર ફરીયાદી તથા સાહેદ નં.૫ ના વાલીપણામાં સાહેદ નં.૫ ના ઘરે રહેતી હતી તે હકિકત સ્પષ્ટપણે પુરવાર થાય છે. વધુમાં ભોગબનનાર કોઇને કહયા વગર જતી રહેલી અને ભોગબનનારને આરોપી સાથે જતી વખતે કે ભોગબનનારને રાજકોટ બસ સ્ટેન્ડથી પરત લાવતી વખતે ઉપરોકત સાહેદોએ જોયેલ હોય તેમ જણાય આવતુ નથી. તે સંજોગોમાં ભોગબનનાર જે આ કેસના એક માત્ર બનાવ નજરે જોનાર સાહેદ હોય ભોગબનનારનો પુરાવો મહત્વનો બની જાય છે.

(૧૬) આ કામે ફરીયાદપક્ષે **ભોગબનનારને સાહેદ નં.૪ તરીકે આંક-૨૨** થી તપાસેલ છે. જેઓના પુરાવા મુજબ પણ ભોગબનનાર તેણીની માતા સાથે "Y" સાથે રહેતા હોવાની હકિકત તેમજ તેણીના જનકપિતા "X" હોવાની હકિકત તેમજ તેણીના માતાના બીજા લગ્ન "Y" સાથે થયેલ હોવાની હકિકત તેમજ "X" સાથે તેણીના માતાના છુટા છેડા થયેલ હોવાની હકિકતને સમર્થન મળે છે. વધુમાં ભોગબનનારનો પુરાવો જોતા આરોપી તેના જનકપિતાએ જે સ્ત્રી સાથે બીજા લગ્ન કરેલ છે તેના બહેનનો દિકરો થતો હોય તે રીતે ઓળખાણ થયેલ હોવાનું જણાવેલ છે. વધુમાં ફરીયાદ અગાઉ તેઓ તેમના જનકપિતા સાથે રહેવા માટે જામનગર મુકામે ગયેલ અને ત્યાં ૧૫-૨૦ દિવસ રોકાયેલ અને તેના જનક પિતા તેને પરત રાજકોટ મુકી ગયેલા અને આ અરસામાં આરોપી સાથે તેઓને વાતચીત થયેલી. વધુમાં ભોગબનનાર જણાવે છે કે, બનાવની તારીખ તેમને યાદ નથી પરંતુ બનાવમાં તેમની માતાના ઘર પાસે શેરીમાં તેમને તેડવા માટે આવેલ હોવાનું જણાવે છે પરંતુ આ હકિકત ભોગબનનારે તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં

લખાવેલ નથી. વધુમાં ભોગબનનારે તેમના પુરાવામાં તેણી કોઇને કહ્યા વગર આરોપી સાથે ગયેલી અને આરોપીએ તેણીને જામનગર તેના ફોરવ્હીલમાં લઇ ગયેલ હોવાનું જણાવે છે. ભોગબનનાર તેમના પુરાવામાં એવુ કાંઇ જણાવતા નથી કે બનાવના રોજ આરોપી તેણીને લલચાવી–ફોસલાવી કે લગ્ન કરવાની કોઇ લાલચ આપેલ હોય અને તે લાલચ આપીને તેણીને ભગાડી લઇ ગયેલ હોય કે બનાવ અગાઉ આરોપીએ તેણીને કોઇ લાલચ આપેલ હોય કે જેના કારણે ભોગબનનારે પિતાનો ઘર છોડીને ગયેલ હોય. વધુમાં ઉલટતપાસના પુરાવામાં ફરીયાદવાળા બનાવ વખતે તેઓ કપડા સુકાવવા માટે અગાસીમાં જવાનું કહીને કોઇને કહ્યા વગર ઘરેથી નીકળી ગયેલી અને તેણી તેમના માતાના ઘરેથી નીકળી તેણીની મીત્ર ''બહેનપણી'' દિપાલીના ઘરે ગયેલી અને ત્યાં એક રાત્ર રોકાયેલ અને બીજા દિવસે ત્યાંથી મહુવા થઇને તેણીની મીત્ર વૈદેહીના ઘરે ગયેલી અને ત્યાં ચાર દિવસ રોકાયેલ હોવાની હકિકત જણાવે છે. વધુમાં ભોગબનનારે તેમના ઉલટતપાસના પુરાવામાં જણાવે છે કે, જામનગર પહોંચ્યા બાદ તેણીએ આરોપીને ફોન કરેલ અને ફોનમાં કહેલ કે તેણી જામનગર પહોંચી ગયેલ છે અને તેણીને ઢાળીયા થી ગુલામનગર સોસાયટી લઇ જાવ. વધુમાં ભોગબનનારે ઉલટતપાસના પુરાવામાં જણાવેલ છે કે, જામનગર થી રાત્રીના ૩ વાગ્યના અરસામાં નીકળી ને ચોટીલા પહોંચેલા. આ તબકકે ભોગબનનાર સ્વૈચ્છાએ જણાવે છે કે તેઓ જામનગર થી નીકળ્યા તે અગાઉ ત્રણ દિવસ આરોપી તેમની સાથે હતો. વધુમાં ભોગબનનારે તેમના ઉલટતપાસના પુરાવામાં જણાવેલ છે કે, જામનગરથી ચોટીલા તેઓ ફોરવ્હીલરમાં તેણી, આરોપી તથા તેનો મીત્ર એમ ત્રણ જણા હતા. આમ, ભોગબનનારનો પુરાવો જોતા ભોગબનનાર સરતપાસના પુરાવામાં બનાવના રોજ આરોપી સાથે કોઇને કહ્યા વગર જતી રહેલ હોવાનું જણાવે છે જયારે ઉલટતપાસમાં બનાવના રોજ તે પોતે કપડા સુકાવવાના બહાને કોઇને કહ્યા વગર નીકળી ગયેલ અને ત્યાંથી તેઓ દિપાલી અને વૈદેહીના ઘરે રોકાયેલી અને આ સમયગાળામાં ભોગબનનાર વૈદેહીના ઘરે ચાર દિવસ રોકાયેલી અને જામનગર પહોંચી ત્યારે આરોપીને ફોન કરીને પોતે જામનગર પહોંચી

ગયેલાનું જણાવે છે. ભોગબણનારે તેમના પુરાવામાં એવુ કઇ  જણાવતા નથી કે આરોપીએ તેમને તેમના  ઘરે થી નિકળી તેણીની બેનપણીઓના ઘરે રોકાઇ  જવા અને ત્યારબાદ આરોપીને ફોન કરવા કોઇ વાત કરેલ હોય. આમ ભોગબણનારનો પુરાવો જોતા આરોપીએ ભોગબણનારને પોતાના ઘરમાંથી જતી રહેવામાં કોઇ ભાગ ભજવેલ હોય તેમ પુરવાર થતુ નથી.

**(૧૬.૧)** ભોગબનનારનો બી.એન.એસ.એસ.કલમ–૧૮૩ મુજબ નિવેદન લેવામાં આવેલ છે જે આ કામે આંક–P8/PW-4 થી રજુ થયેલ છે અને ભોગબનનારે તેમના પુરાવામાં તેણીને મહીલા જજ સમક્ષ નિવેદન માટે લઇ ગયેલ અને મહીલા જજ સાહેબે તેણીની પુછપરછ કરેલ હોવાનુ જણાવેલ છે અને તેણીએ પુરાવા દરમ્યાન તેણીનું નિવેદન ઓળખી બતાવેલ છે. જે ભોગબનનારનું નિવેદન જોતા ભોગબનનારે તેમના નિવેદનમાં બનાવમાં કાંઇ થયેલ નથી અને તેણીને કોઇ નિવેદન આપવાનું નથી તેવી હકિકત ભોગબનનારે જણાવેલ છે.

**(૧૬.૨)** ભોગબનનારને સાહેદ નં ૧ મેડીકલ ઓફીસરશ્રી સમક્ષ મેડીકલ તપાસ માટે લઇ જવામાં આવેલ છે અને મેડીકલ ઓફીસરશ્રીના આંક–૧૨ પુરાવા મુજબ  ભોગબનનારે મેડીકલ ઓફીસરશ્રી રૂબરૂ હિસ્ટ્રી આપેલ છે કે, તેના મમ્મીએ તેના ઘરે મારેલુ હતુ તેણીને પટ્ટા, લાકડી તથા પ્લાસ્ટીકની નળી વડે પગ તેમજ બંન્ને સાથળના ભાગે મારેલુ હતુ. તેમજ લાકડી વડે જમણા હાથના અંગુઠામાં નીચે મારેલુ હતુ. જેથી ભોગબનનાર તા.૧૧/૧૨/૨૦૨૪ ના રોજ ૦૪.૦૦ થી ૦૪.૩૦ વચ્ચે કાંગશીયાળી થી પોતાના ઘરેથી તેણીના બહેનપણી દિપાલી સોલંકીના ઘરે આજીડેમ પાસે રાત્રી રોકાણ કરેલ અને સવારે તા.૧૨/૧૨/૨૦૨૪ ના રોજ દિપાલી સાથે મહુવા ગયેલ અને ત્યાં મહુવામાં ભોગબનનારે તેણીની બહેનપણી દિપાલી સાથે દિપાલીના મીત્રની ઘરે ગયેલ અને ત્યારબાદ સાડા ચાર વાગ્યે બપોર પછી બસમાં જામનગર જવા નીકળેલ અને ત્યારબાદ ૧૨.૩૦ વાગ્યે રાત્રે જામનગર પહોંચેલ ત્યારબાદ બહેનપણી વૈદેહીના ઘરે ફોન કરી તેના ઘરે ચાર

દિવસ રોકાયેલ અને ત્યારબાદ વૈદેહીના ઘરેથી ભોગબનનારે આરોપીને તા.૧૫/૧૨/૨૦૨૪ ના રોજ ૦૭.૦૦ થી ૦૭.૩૦ વાગ્યે ફોન કરેલ અને કહેલ કે ભોગબનનારને રાજકોટ મુકી જાય. આમ ભોગબણનારના ઉપરોકત કથન ધ્યાને લેતા ભોગબણનાર પોતાના માતાના ત્રાસના કારણે પોતાના ઘરે થી એકલી જતી રહેલ હોય અને પાછળથી આરોપીને ફોન કરીને બોલાબેલ હોવાનુ રેકર્ડ ઉપર આવે છે .

**(૧૬.૩)** આમ, ભોગબનનારનું કોર્ટ રૂબરૂનો પુરાવો, મેડીકલ ઓફીસરશ્રી રુબરુની બનાવની હિસ્ટ્રી તથા તેણીનું બી.એન.એસ.એસ. કલમ–૧૮૩ મુજબનું નિવેદન એક સાથે વંચાણે લેતા ભોગબણનાર બનાવના રોજ તેણીની માતાના ત્રાસના કારણે પોતે તેણીના ઘરેથી નિકળી ગયેલ હતી અને આરોપીએ ભોગબનનારને તેણીને ઘરેથી લલચાવી–ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપીને ભગાડીને લઈ ગયેલ હોય કે તેણીને પોતાના ઘરેથી નિકળી જવા માટે પ્રેરીત કરેલ હોય તે હકિકત નિ:શંકપણે પુરવાર થતી નથી. વધુમાં ભોગબનનારનો પુરાવો ધ્યાને લેતા તેણીના માતા–પિતા તથા સાવકાપિતા અવાર નવાર ઠપકો આપતા હોવાનું ભોગબનનારે કબુલ રાખેલ છે. અગાઉ પણ ભોગબણનાર કોઈને કહ્યા વગેર તેણીના જનકપિતાના ઘરે ગયેલી. ફરીયાદીએ પણ તેણીના પુરાવામાં આ બનાવ અગાઉ ભોગબનનાર કોઈને જાણ કર્યા વગર તેણીના જનકપિતા પાસે જતી રહેલ અને દોઢ મહીના સુધી ત્યાં રોકાયેલ હોવાનું જણાવેલ છે. તે સંજોગોમાં ભોગબનનાર જે પોતાના સાવકાપિતા સાથે રહેતી હોય અને તેણીને ફરીયાદી તથા તેણીના સાવકાપિતા અવાર નવાર ઠપકો આપતા હોય તે સંજોગોમાં ભોગબનનારના સબંધ તેણીના સાવકાપિતા સાથે સારા ના રહેલ હોય તેવુ પણ ફલીત થાય છે. તેમજ તેણીની માતા પણ તેણીને માર મારતા હોય તે સંજોગોમાં જયારે ભોગબનનાર તેના કોર્ટ રૂબરૂના પુરાવામાં બનાવના રોજ આરોપી તેણીને લલચાવી–ફોસલાવી કે લગ્ન કરવાની લાલચ આપી, ભગાડીને લઈ ગયેલ હોય તેવો પુરાવો આપતા ન હોય અને અલગ–અલગ ફોરમમાં અલગ–અલગ હકીકતો જણાવેલ હોય તે સંજોગોમાં

ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધના બી.એન.એસ. કલમ–૮૭ તથા ૧૩૭(૨) મુજબના આવશયક તત્વો  પુરવાર કરેલ નથી. વધુમાં ભોગબનનાર ઘરેથી જતી રહેલી ત્યારબાદ તેણી તેણીના બહેનપણી નામે દિપાલી અને વૈદેહીના ઘરે રોકાયેલી હતી અને જામનગર થી ચોટીલા આરોપી સાથે કારમાં ગયેલી ત્યારે આરોપીનો મીત્ર પણ હતો તેવુ જણાવેલ છે પરંતુ ફરીયાદપક્ષ દ્વારા સદર દિપાલીબેન તથા વૈદેહી અને આરોપીના મીત્ર નાઓને સાહેદ તરીકે તપાસેલ નથી. તે સંજોગોમાં બનાવ બાદ ભોગબનનાર તેણીના બહેનપણીઓના ઘરે આરોપી સાથે રહેલી કે કેમ તેવી હકિકત પુરવાર થતી નથી. તે સંજોગોમાં ભોગબનનાર તેણીના પુરાવામાં જામનગર થી નીકળ્યા તે અગાઉ ત્રણ દિવસ આરોપી તેણીની સાથે હતો તે હકિકત પુરવાર થતી નથી. વધુમાં ભોગબનનારના પુરાવાથી ભોગબનનારે પોતે આરોપીને ફોન કરીને જામનગર બોલાવેલ હોવાની હકિકત રેકર્ડ ઉપર આવે છે.

**(૧૬.૪)** આ તબકકે ત.ક.અમલદારશ્રી સાહેદ નં.૯ થી આંક–૨૯ નો પુરાવો પણ ધ્યાને લેવો જરૂરી જણાય છે. જેઓના પુરાવા મુજબ ભોગબનનારે તેઓના રૂબરૂના નિવેદનમાં એવી હકિકત લખાવેલ હોવાનું કબુલ રાખેલ છે કે "આજ થી અઢી મહીના પહેલા મને મારા માતા તથા સગો ભાઇ નાની નાની વાતોમાં ઠપકો આપતા હોય જેથી હું એકલી ઘરેથી કહયા વગર તેણીના પિતા "X" ને ત્યાં જામનગર જતી રહેલી". આમ, ભોગબનનારને તેમના કુટુંબ દ્વારા સારી રીતે રાખવામા આવતુ ન હતુ તેમ જણાઇ આવે છે. વધુમાં તેઓની તપાસ દરમ્યાન આરોપી તથા ભોગબનનાર વચ્ચે પ્રેમ સબંધ બંધાયેલ હોવાની હકિકત તેમજ ભોગબનનાર પોતાના માતાના ઘરે તા.૧૧/૧૨/૨૦૨૪ ના રોજ કોઇના કહયા વગર રાજકોટ તેણીના બહેનપણી પાસે ગયેલ હોવાની હકિકત તેમજ ભોગબનનાર એકલી જામનગર ગયેલ હોવાની હકિકત તેમજ જામનગર પહોંચ્યા બાદ ભોગબનનાર બે–ત્રણ દિવસ તેણીની બહેનપણે વૈદેહી પરમારના ઘરે રોકાયેલાની હકિકત તેઓની તપાસમાં ખુલી આવેલ હોવાનું કબુલ રાખેલ છે. વધુમાં ભોગબનનાર આરોપી પાસેથી મળી આવેલ હોય તેમ બનેલ ન હોય તેવુ પણ કબુલ કરેલ

છે. તેમજ તેઓની તપાસ દરમ્યાન ભોગબનનાર અને આરોપી કોઈ હોટલમાં કે મકાનમાં રોકાયેલા હોય તેવુ પણ તેઓની તપાસમાં ખુલી આવેલ ન હોય તેવુ કબુલ રાખેલ છે. આમ, બનાવના રોજ અને ત્યારબાદ આરોપી તેણીની સાથે રહેલ હોવાનું તપાસ દરમ્યાન ખુલી આવેલ નથી. તે સંજોગોમાં ઉપરોકત કાયદાકીય જોગવાઈઓ તેમજ **એસ.વર્દરાજન *(SUPRA)*** ના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ ફરીયાદપક્ષ ઉપરોકત જોગવાઈઓના આવશ્યક તત્વો રેકર્ડ ઉપર લાવી આ કામના આરોપીએ બનાવના રોજ ભોગબનનાર ફરીયાદીના કાયદેસરના વાલીપણામાં હતી તે વખતે આરોપીએ તેણીની સાથે લગ્ન બાહ્ય સંભોગ કરવાના ઈરાદાથી પટાવી, ફોસલાવી તા.૧૧/૧૨/૨૦૨૪ થી તા.૧૬/૧૨/૨૦૨૪ દરમ્યાન ફરીયાદીના ઘરેથી લલચાવી, ફોસલાવી ભોગબનનારનું અપહરણ કરી, લઈ જઈ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨),૮૭ મુજબનો શિક્ષને પાત્ર ગુન્હો નિ:શંકપણે પુરવાર કરેલ ન હોય, અત્રે ઉપસ્થીત **મુદ્દા નં.૨ નો જવાબ ''નકારમાં''** આપવામાં આવે છે.

**મુદ્દા નં.૩ :-**

**શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ઉપરોકત દર્શાવેલ સ્થળ, તારીખ અને સમયે, ઉપરોકત દર્શાવેલ હકિકતે સગીર ભોગબનનારનું અપહરણ કરી, ભોગબનનાર સગીર વયની જાણતા અને માનવા હોવા છતા સગીર ભોગબનનાર સાથે બે વખત અવૈધ સંભોગ કરી, સગીર ભોગબનનાર ઉપર અનેક વાર બળાત્કાર ગુજારી, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૬૪(૨)(આઈ)(એમ),૬૫(૧) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?**

**મુદ્દા નં.૪ :-**

**શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ઉપરોક્ત દર્શાવેલ સ્થળ, તારીખ અને સમયે, ઉપરોકત દર્શાવેલ હકિકતે આ કામના આરોપી ભોગબનનાર સગીર વયની બાળકી હોવાનું જાણવા છતા, ઉપરોકત ગુન્હાઓ**

**<u>તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૧૨ ની કલમની જોગવાઈ અનુસાર ઉગ્ર પ્રવેશ જાતીય હુમલો કરી જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૧૨ની કલમ–૫(એલ),૬ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?</u>**

**<u>મુદ્દા નં.૩ તથા ૪ ની સંયુકત ચર્ચા :–</u>**

**(૧૭)** ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ એવુ તહોમત મુકેલ છે કે, આ કામેના સગીર ભોગબનનાર સાથે આરોપીએ શારીરીક સંભોગ કરી, બળાત્કાર ગુજારી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૪(૨)(આઇ)(એમ) તથા ૬૫(૧) મુજબનો ગુન્હો કરેલ છે. ''બળાત્કાર'' શબ્દને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૩ ની જોગવાઈથી વ્યાખ્યાબંધ કરવામાં આવેલ છે અને સજાની જોગવાઈ કલમ – ૬૪ તથા ૬૫ માં કરેલ છે જે નીચે મુજબ છે.

<u>Section 63 : Rape:-</u>

<u>A man is said to commit "rape" if he--</u>

(a) penetrates his penis, to any extent, into the vagina, mouth, urethra or anus of a woman or makes her to do so with him or any other person; or

(b) inserts, to any extent, any object or a part of the body, not being the penis, into the vagina, the urethra or anus of a woman or makes her to do so with him or any other person; or

(c) manipulates any part of the body of a woman so as to cause penetration into the vagina, urethra, anus or any part of body of such woman or makes her to do so with him or any other person; or

(d) applies his mouth to the vagina, anus, urethra of a woman or makes her to do so with him or any other person,

<u>under the circumstances falling under any of the following seven descriptions:</u>

*First.*Against her will.

***Secondly***.Without her consent.

***Thirdly***.With her consent, when her consent has been obtained by putting her or any person in whom she is interested, in fear of death or of hurt.

***Fourthly.***With her consent, when the man knows that he is not her husband and that her consent is given because she believes that he is another man to whom she is or believes herself to be lawfully married.

***Fifthly.***With her consent when, at the time of giving such consent, by reason of unsoundness of mind or intoxication or the administration by him personally or through another of any stupefying or unwholesome substance, she is unable to understand the nature and consequences of that to which she gives consent.

***Sixthly*.With or without her consent, when she is under eighteen years of age.**

*Seventhly*.When she is unable to communicate consent.

*Explanation 1*.For the purposes of this section, "vagina" shall also include labia majora.

*Explanation 2*.Consent means an unequivocal voluntary agreement when the woman by words, gestures or any form of verbal or non-verbal communication, communicates willingness to participate in the specific sexual act:

Provided that a woman who does not physically resist to the act of penetration shall not by the reason only of that fact, be regarded as consenting to the sexual activity.

*Exception 1*.A medical procedure or intervention shall not constitute rape.

*Exception 2*.Sexualwith his own wife, the wife not being under fifteen years of intercourse or sexual acts by a man age, is not rape.

**Section: 64(2)(I)(M)Punishment for rape:-**

1) -------

(2) Whoever,—

(a) -------

(i) -------

(ii) -------

(iii) -------

(b) -------

(c) -------

(d) -------

(e) -------

(f) -------

(g) -------

(h) -------

(i) commits rape, on a woman incapable of giving consent; or

(j) -------

(k) -------

(l) -------

(m) commits rape repeatedly on the same woman, shall be punished with rigorous imprisonment for a term which shall not be less than ten years, but which may extend to imprisonment for life, which shall mean imprisonment for the remainder of that person's natural life, and shall also be liable to fine.

**Section 65 Punishment for rape in certain cases:-**

(1) Whoever, commits rape on a woman under sixteen years of age shall be punished with rigorous imprisonment for a

term which shall not be less than twenty years, but which may extend to imprisonment for life, which shall mean imprisonment for the remainder of that person's natural life, and shall also be liable to fine:

Provided that such fine shall be just and reasonable to meet the medical expenses and rehabilitation of the victim: Provided further that any fine imposed under this sub-section shall be paid to the victim.

(2) Whoever, commits rape on a woman under twelve years of age shall be punished with rigorous imprisonment for a term which shall not be less than twenty years, but which may extend to imprisonment for life, which shall mean imprisonment for the remainder of that person's natural life, and with fine or with death:

Provided that such fine shall be just and reasonable to meet the medical expenses and rehabilitation of the victim: Provided further that any fine imposed under this section shall be paid to the victim.

ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ એવુ તહોમત મુકેલ છે કે, આ કામેના આરોપીએ સગીર ભોગબનનાર સાથે અવાર નવાર શારીરીક સંભોગ કરી, બળાત્કાર ગુજારી ઉગ્ર પ્રવેશ જાતીય હુમલો કરી પોકસો કાયદાની કલમ ૫(લ્) અને ૬ મુજબનો ગુન્હો કરેલ છે. '' ઉગ્ર પ્રવેશ જાતીય હુમલો'' શબ્દને પોકસો કાયદાની કલમ-૫ ની જોગવાઇથી વ્યાખ્યાબંધ કરવામાં આવેલ છે અને સજાની જોગવાઈ કલમ- ૬ માં કરેલ છે જે નીચે મુજબ છે.

**5. Aggravated penetrative sexual assault.—**

(a) Whoever, being a police officer, commits penetrative sexual assault on a child —

(i) within the limits of the police station or premises at which he is appointed; o

(ii) in the premises of any station house, whether or not situated in the police station, to which he is appointed; or

(iii) in the course of his duties or otherwise; or

(iv) where he is known as, or identified as, a police officer; or

(b) whoever being a member of the armed forces or security forces commits penetrative sexual assault on a child—

(i) within the limits of the area to which the person is deployed; or

(ii) in any areas under the command of the forces or armed forces; or

(iii) in the course of his duties or otherwise; or

(iv) where the said person is known or identified as a member of the security or armed forces; or

(c) whoever being a public servant commits penetrative sexual assault on a child; or

(d) whoever being on the management or on the staff of a jail, remand home, protection home, observation home, or other place of custody or care and protection established by or under any law for the time being in force, commits penetrative sexual assault on a child, being inmate of such jail, remand home, protection home, observation home, or other place of custody or care and protection; or

(e) whoever being on the management or staff of a hospital, whether Government or private, commits penetrative sexual assault on a child in that hospital; or

(f) whoever being on the management or staff of an educational institution or religious institution, commits penetrative sexual assault on a child in that institution; or

(g) whoever commits gang penetrative sexual assault on a child.

Explanation.—When a child is subjected to sexual assault by one or more persons of a group in furtherance of their common intention, each of such persons shall be deemed to have committed gang penetrative sexual assault within the meaning of this clause and each of such person shall be liable

for that act in the same manner as if it were done by him alone; or

(h) whoever commits penetrative sexual assault on a child using deadly weapons, fire, heated substance or corrosive substance; or

(i) whoever commits penetrative sexual assault causing grievous hurt or causing bodily harm and injury or injury to the sexual organs of the child; or

(j) whoever commits penetrative sexual assault on a child, which —

(i) physically incapacitates the child or causes the child to become mentally ill as defined under clause (l) of section 2 of the Mental Health Act, 1987 (14 of 1987) or causes impairment of any kind so as to render the child unable to perform regular tasks, temporarily or permanently;

(ii) in the case of female child, makes the child pregnant as a consequence of sexual assault;

(iii) inflicts the child with Human Immunodeficiency Virus or any other life threatening disease or Infection which may either temporarily or permanently impair the child by rendering him physically incapacitated, or mentally ill to perform regular tasks;

(k) whoever, taking advantage of a child's mental or physical disability, commits penetrative sexual assault on the child; or

(l) whoever commits penetrative sexual assault on the child more than once or repeatedly; or

(m) whoever commits penetrative sexual assault on a child below twelve years; or

(n) whoever being a relative of the child through blood or adoption or marriage or guardianship or in foster care or having a domestic relationship with a parent of the child or who is living in the same or shared household with the child, commits penetrative sexual assault on such child; or

(o) whoever being, in the ownership, or management, or staff, of any institution providing services to the child, commits penetrative sexual assault on the child; or

(p) whoever being in a position of trust or authority of a child commits penetrative sexual assault on the child in an institution or home of the child or anywhere else; or

(q) whoever commits penetrative sexual assault on a child knowing the child is pregnant; or

(r) whoever commits penetrative sexual assault on a child and attempts to murder the child; or

(s) whoever commits penetrative sexual assault on a child in the course of communal or sectarian violence or during any natural calamity or in similar situations]; or

(t) whoever commits penetrative sexual assault on a child and who has been previously convicted of having committed any offence under this Act or any sexual offence punishable under any other law for the time being in force; or

(u) whoever commits penetrative sexual assault on a child and makes the child to strip or parade naked in public, is said to commit aggravated penetrative sexual assault.

**Section 6 : Punishment for aggravated penetrative sexual assault**.:-

(1) Whoever commits aggravated penetrative sexual assault shall be punished with rigorous imprisonment for a term which shall not be less than twenty years, but which may extend to imprisonment for life, which shall mean imprisonment for the remainder of natural life of that person and shall also be liable to fine, or with death.

(2) The fine imposed under sub-section (1) shall be just and reasonable and paid to the victim to meet the medical expenses and rehabilitation of such victim.

**(૧૭.૧)** આ તબકકે સગીર બાળકી ઉપર થયેલ બળાત્કારના સંદર્ભમાં કેટલાક ચુકાદાઓના પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાને લેવા જરૂરી જણાય છે.

આ ઉપરાંત <u>**સ્ટેટ ઓફ પંજાબ વિ. ગુરમીતસિંગ રીપોર્ટેડ ઈન ૧૯૯૬(૨) એસ.સી.સી. પેજ નં.૩૮૪**</u> ના કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટે આપેલ ચુકાદો તથા તેમાં કરેલ અવલોકનો ધ્યાને લેવા જરૂરી જણાય છે જે નીચે મુજબ છે ;

> "8. ....The courts must, while evaluating evidence, remain alive to the fact that in a case of rape, no self-respecting woman would come forward in a court just to make a humiliating statement against her honour such as is involved in the commission of rape on her. In cases involving sexual molestation, supposed considerations which have no material effect on the veracity of the prosecution case or even discrepancies in the statement of the prosecutrix should not, unless the discrepancies are such which are of fatal nature, be allowed to throw out an otherwise relial prosecution case. The inherent bashfulness of the females and the tendency to conceal outrage of sexual aggression are factors which the Courts should not over-look. The testimony of the victim in such cases is vital and unless there are compelling reasons which necessitate looking for corroboration of her statement, the courts should find no difficulty to act on the testimony of a victim of sexual assault alone to convict an accused where her testimony inspires confidence and is found to be reliable. Seeking corroboration of her statement before relying upon the same, as a rule, in such cases amounts to adding insult to injury. Why should the evidence of a girl of a woman who complains of rape or sexual molestation, be viewed with doubt, disbelief or suspicion? The Court while appreciating the evidence of a prosecutrix may look for some assurance of her statement to satisfy its judicial conscience, since she is a witness who is interested in the outcome of the charge levelled by her, but there is no requirement of law to insist upon corroboration of her statement to base conviction of an accused. The evidence of a victim of sexual assault stands almost at par with the evidence of an injured witness and to an extent is even more reliable."

<u>**ગુરૂચરણસિંઘ વિ. સ્ટેટ ઓફ હરીયાણા રીપોર્ટેડ ઈન ૧૯૭૨(૨) એસ.સી.સી. પેજ નં.૭૭૯**</u> ના કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા એવું અવલોકન કરવામાં આવેલ છે કે,

> "Suffice it to point out that where a person on whom rape is committed is under 16 years of age, even consent is immaterial (vide fifthly of s.375) and penetration is sufficient to constitute the sexual intercourse necessary to the offence of rape (vide : explanation to

**S.375). No attempt has been made on behalf of the appellant to take his case out of these provisions. No other argument was addressed on the basis of the medical evidence for contending that there was no penetration except, as already noted, that there were no marks of violence on the person of the prosecutrix. That is clearly immaterial 'because that would merely suggest want of violent resistance on the part of the prosecutrix, which is wholly Inconsequential when the prosecutrix is under 16 years of age."**

વધુમાં ભોગબનનાર બાળ સાહેદ હોય ત્યારે સદર સંદર્ભે નામનાર સુપ્રિમ કોર્ટ દ્વારા **ડોલા ઉર્ફે ડોલાગોબિંદા પ્રધાન અને અન્ય વિ. સ્ટેટ ઓફ ઓડીશા (ફોજદારી અપીલ નં.૧૦૯૫/૨૦૧૮)** ના ચુકાદામાં ફકરા નં.૫, ૬ તથા ૭ માં કરવામાં આવેલ અવલોકનો ધ્યાને લેવા જરૂરી છે, જે નીચે મુજબ છે.

<u>Para-5</u>: It is well settled law that if the version of the prosecutrix is believed, basic truth in her evidence is ascertainable and if it is found to be credible and consistent, the same would form the basis of conviction. Corroboration is not a sine qua non for a conviction in a rape case. The evidence of a victim of sexual assault stands at par with the evidence of an injured witness and is entitled to great weight, absence of corroboration notwithstanding. If the evidence of the victim does not suffer from any basic infirmity and the “probabilities factor” does not render it unworthy of credence, as a general rule, there is no reason to insist on corroboration, except from medical evidence, where, having regard to the circumstances of the case, medical evidence can be expected to be forthcoming. When a grown up and married woman gives evidence on oath in Court that she was raped, it is not the proper judicial approach to disbelieve her outright.

<u>Para-6</u> : In this regard it would be useful to quote certain observations of this Court in the case of Bharwada Bhoginbhai Hirjibhai vs. State of Gujarat, [(1983) 3 SCC 217] wherein it is observed that:

“10. By and large these factors are not relevant to India, and the Indian conditions. Without the fear of making too wide a statement, or of overstating the case, it can be said that rarely will a girl or a woman in India make false allegations of sexual assault on account of any such factor as has been just enlisted. The statement is generally true in the context of the urban as also rural Society. It is also by and large true in the context of the sophisticated, not so sophisticated, and unsophisticated society. Only very rarely can one conceivably

come across an exception or two and that too possibly from amongst the urban elites. Because: (1) A girl or a woman in the tradition bound non- permissive Society of India would be extremely reluctant even to admit that any incident which is likely to reflect on her chastity had ever occurred. (2) She would be conscious of the danger of being ostracised by the Society or being looked down by the Society including by her own family members, relatives, friends and neighbours. (3) She would have to brave the whole world. (4) She would face the risk of losing the love and respect of her own husband and near relatives, and of her matrimonial home and happiness being shattered. (5) If she is unmarried, she would apprehend that it would be difficult to secure an alliance with a suitable match from a respectable or an acceptable family. (6) It would almost inevitably and almost invariably result in mental torture and suffering to herself. (7) The fear of being taunted by others will always haunt her. (8) She would feel extremely embarrassed in relating the incident to others being over powered by a feeling of shame on account of the upbringing in a tradition bound society where by and large sex is taboo. (9) The natural inclination would be to avoid giving publicity to the incident lest the family name and family honour is brought into controversy. (10) The parents of an unmarried girl as also the husband and members of the husband's family of a married woman would also more often than not, want to avoid publicity on account of the fear of social stigma on the family name and family honour. (11) The fear of the victim herself being considered to be promiscuous or in some way responsible for the incident regardless of her innocence. (12) The reluctance to face interrogation by the investigating agency, to face the court, to face the cross examination by Counsel for the culprit, and the risk of being disbelieved, acts as a deterrent.

11. In view of these factors the victims and their relatives are not too keen to bring the culprit to books. And when in the face of these factors the crime is brought to light there is a built-in assurance that the charge is genuine rather than fabricated. On principle the evidence of a victim of sexual assault stands on par with evidence of an injured witness. Just as a witness who has sustained an injury (which is not shown or believed to be self inflicted) is the best witness in the sense that he is least likely to exculpate the real offender, the evidence of a victim of a sex-offence is entitled to great weight, absence of corroboration notwithstanding. And while corroboration in the form of eye witness account of an independent witness may often be forthcoming in physical assault cases, such evidence cannot be expected in sex offences, having regard to

the very nature of the offence. It would therefore be adding insult to injury to insist on corroboration drawing inspiration from the rules devised by the courts in the Western World (Obeisance to which has perhaps become a habit presumably on account of the colonial hangover). We are therefore of the opinion that if the evidence of the victim does not suffer from any basic infirmity, and the "probabilities factors" does not render it unworthy of credence, as a general rule, there is no reason to insist on corroboration except from the medical evidence, where, having regard to the circumstances of the case, medical evidence can be expected to be forthcoming, subject to the following qualification: Corroboration may be insisted upon when a woman having attained majority is found in a compromising position and there is a likelihood of her having levelled such an accusation on account of the instinct of self-preservation. Or when the 'probabilities factor' is found to be out of tune". (emphasis supplied)

**Para-7 :** In Sadashiv Ramrao Hadbe v. State of Maharashtra, [(2006) 10 SCC 92], this Court reiterated that the sole testimony of the prosecutrix could be relied upon if it inspires the confidence of the Court:

"9. It is true that in a rape case the accused could be convicted on the sole testimony of the prosecutrix, if it is capable of inspiring confidence in the mind of the court. If the version given by the prosecutrix is unsupported by any medical evidence or the whole surrounding circumstances are highly improbable and belie the case set up by the prosecutrix, the court shall not act on the solitary evidence of the prosecutrix. The courts shall be extremely careful in accepting the sole testimony of the prosecutrix when the entire case is improbable and unlikely to happen."

**(૧૭.૨)** આ તબકકે જાતીય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ ની કલમ-૨૯ તથા ૩૦ ઘ્યાને લેવી જરૂરી જણા છે, જે નીચે મુજબ છે.

## Section 29 : Presumption as to certain offences :-

Where a person is prosecuted for committing or abetting or attempting to commit any offence under sections 3, 5, 7 and section 9 of this Act, the Special Court shall presume, that such person has committed or abetted or attempted to

commit the offence, as the case may be unless the contrary is proved.

**Section 30: Presumption of culpable mental state:-**

(1) In any prosecution for any offence under this Act which requires a culpable mental state on the part of the accused, the Special Court shall presume the existence of such mental state but it shall be a defence for the accused to prove the fact that he had no such mental state with respect to the act charged as an offence in that prosecution.

(2) For the purposes of this section, a fact is said to be proved only when the Special Court believes it to exist beyond reasonable doubt and not merely when its existence is established by a preponderance of probability.

*Explanation.*--In this section, "culpable mental state" includes intention, motive, knowledge of a fact and the belief in, or reason to believe, a fact.

**(૧૭.૩)** જાતીય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ ની કલમ–૨૯ અને ૩૦ જોવામાં આવે તો, કલમ–૨૯ મુજબ કોઈપણ વ્યકિત ઉપર જયારે પોકસો કાયદાની કલમ–૩,૫,૭ મુજબના ગુન્હા સબબ કાનુની કાર્યવાહી કરવામાં આવે ત્યારે સ્પેશ્યલ કોર્ટ દ્ધારા જયાં સુધી તેના વિરૂદ્ધનું સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી, એવુ માની લેવામાં આવે કે, આવા વ્યકિતએ આક્ષેપ મુજબનો ગુન્હો કરેલ છે. જયારે સદર કાયદાની કલમ–૩૦ મુજબ સ્પેશીયલ કોર્ટ દ્ધારા આરોપીની ગુનાહિત માનસીક સ્થિતી અંગે અનુમાન કરવાનુ રહે છે. જો કે, આરોપી સામે જે આક્ષેપો કરવામાં આવેલ છે તે અંગેના આવશ્યક તત્વો પુરવાર કરવાની

જવાબદારી ફરીયાદપક્ષ ઉપર રહેલ છે અને જે તત્વો અનઉપસ્થીત થતા તે પુરવાર કરવાનો બોજો આરોપી ઉપર રહે છે.

(૧૭.૪) આ તબકકે ના. **ગૌહાટી હાઈકોર્ટે (હાઈકોર્ટ ઓફ આસામ, નાગાલેન્ડ, મીઝોરમ એન્ડ અરુણાચલપ્રદેશ) પુર્ણનહારદીકા વિરૂદ્ધ સ્ટેટ ઓફ આસામ, ક્રિમીનલ અપીલ (જે) ૨૬/૨૦૧૯** ના કેસમાં પેરા–૩૩ માં જે અવલોકન કરેલ છે તે ધ્યાને લેવુ જરૂરી બને છે. આ કેસમાં નામદાર હાઈકોર્ટે વિવિધ ચુકાદાઓનું વર્ણન કરી, પોકસો કાયદાની કલમ–૨૯ અને ૩૦ મુજબ આરોપી ઉપર રહેલ રીવર્સ બર્ડનનું ખંડન કરેલ છે જે નીચે મુજબ છે.

Para-33: Section 29 and 30 of the POCSO Act does not actually relief the prosecution of its burden to prove a case. These provisions of law, however, lesson the burden of the prosecution by shifting the onus of proof to the accused. Once the foundation for holding the presumption is establised, afer that the duty is cast upon the accused to prove his innocence. In the case in hand, the appellant did not prove his innocence by adducing evidence. Thereafore, this court is of the opinion that the appellant failed to discharge his statutory burden. The learned trial court rightly held that the charge brought agianst the appellant has been proved beyond all resonable doubt. We are of the opinion that the learned trial court has correctly appreciated the prosecution evidence in the light of the aforesaid statutory provision. We therefore, hold that the impugned judgment does not require any interference. Accordingly, we hereby hold that the appeal is devoid of merit and therefore, the appeal stands dismissed.

In the case of **Anmol dudhram Barsagade Vs State Of Maharashtra in Criminal Appeal no.600/2017 Decided on 23/04/2018,** it was held that ;

**"the presumption u/s 29 is not absolute. It would come into operation only when the prosecution is first able to establish facts that would from the foumdation for the presumption under Section-29. The suggestion that even if foundation facts are not establised, the prosecution can involve the statutory presumption, would render Section 29 vulnerable to the vice of unconstitutionality. The statutory presumption**

> **would stand activated only if the prosecution proves the fundamental facts."**

**(૧૭.૫)** વધુમાં પ્રસ્તુત કેસમાં જયારે સાહેદો પુરાવો આપતા હોય ત્યારે તેઓએ આપેલ પુરાવો સંપુર્ણરીતે વિશ્વાસનીય છે કે પુર્ણત: અવિશ્વાસનીય છે તે હકિકત દરેક કેસમાં કેસની હકિકત તથા સંજોગોને આધિન રહે છે.

The Hon'ble Supreme Court has ***in the case of Vadivelu Thevar Vs. State of Madras reported in 1957 SCR 981*** had the occasion to discuss different types of evidence in relation to appreciation of evidence and that are "(i) wholly reliable, (ii)wholly unreliable and (iii) neither wholly reliable nor wholly unreliable. It is held that-

> **"if the evidence along with the surrounding it, makes the Court believe it wholly reliable qua an issue, it can decide its existence on a degree of probability. Similar is the case where evidence is not believable. When evidence produced is neither wholly reliable nor wholly unreliable, it might require corroboration and in such a case Court can also take a note of contradictions available in other matters. "**

આમ, ઉપરોકત ચુકાદાઓ મુજબ ભોગબનનારનો કોર્ટ રૂબરૂનો પુરાવો મહત્વનો પુરાવો ગણાય અને પ્રસ્તુત કેસમાં ફરીયાદપક્ષ જયારે આરોપી વિરૂદ્ધના અનુમાનને લગતા તત્વો રેકર્ડ ઉપર લાવેલ હોય ત્યારે આરોપી નિર્દોષ છે તે સાબિત કરવાનો બોજો આરોપી ઉપર રહેલ છે, અને તે બોજો પુરાવાથી પુરવાર કરવો જોઇએ. આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઇ ધ્યાને લેતા આ કામે ફરીયાદપક્ષના પુરાવાનું મુલ્યાંકન સદર મુદ્દાના અનુસંધાને નીચે મુજબ હાથ ધરવામાં આવેલ છે.

**(૧૮)** મુદ્દા નં.૧ ની ચર્ચા મુજબ ભોગબનનાર સગીર વયની હતી અને ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીએ સગીર ભોગબનનાર ઉપર બે વખત શારીરીક સંભોગ કરેલ છે તે હકિકત સાબિત કરવા માટે ફરીયાદપક્ષે જે સાહેદોને તપાસેલ છે તે સાહેદોમાં સાહેદો પૈકી **ફરીયાદીનો આંક-૨૧** નો

પુરાવો જોતા ભોગબનનારને પુછતા ભોગબનનારે ફરીયાદીને જણાવેલ કે, આરોપી જયદિપ નાઓએ તેણીને ચોટીલા ફોરવ્હીલ ગાડીમાં લઇ ગયેલો અને તેની સાથે હતી તે દરમ્યાન આરોપીએ ભોગબનનાર સાથે બે વખત શરીર સબંધ બાંધેલ જેથી તેઓએ પોલીસમાં આરોપી વિરૂદ્ધ ફરીયાદ આપેલી અને ફરીયાદીએ તેઓના પુરાવામાં ફરીયાદી આંક–P7/PW-3 વાળી ફરીયાદ ઓળખી બતાવેલ છે. તેમજ આરોપીને પણ ઓળખી બતાવેલ છે. ફરીયાદીનો પુરાવો જોતા ફરીયાદી આરોપીને સારી રીતે ઓળખતા હોય તેમ જણાઇ આવે છે. આમ, ફરીયાદીનો પુરાવો જોતા બનાવની જાણ ભોગબનનાર દ્વારા ફરીયાદીને કરવામાં આવેલી છે.

(૧૮.૧) **ભોગબનનારનો આંક–૨૨** નો પુરાવો જોતા તેઓ કોઇને કહયા વગર આરોપી સાથે ગયેલી અને આરોપી તેણીને જામનગર ફોરવ્હીલરમાં લઇ ગયેલ અને તેણી જામનગર આરોપી સાથે રહેલ તે અરસામાં આરોપીએ તેણીની સાથે તે વખતે બે વખત શરીર સબંધ બાંધેલ હોવાનું જણાવેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે તેમની સાથે શરીર સબંધ બાંધેલ એક વખત ચોટીલા ખાતે ગાડીમાં તથા બીજી વખત આરોપીના માસી એટલે કે તેણીના જનકપિતાના પત્નીના ઘરે બાંધેલો. વધુમાં ભોગબનનારે જણાવે છે કે, આરોપીએ શરીર સબંધ બાંધ્યા પછી તેણીને ગ્રીન લેન્ડ ચોકડી મુકી ગયેલ અને ત્યાંથી તેણી રાજકોટ બસ સ્ટેન્ડે આવેલી અને ત્યાંથી પોલીસ આવીને તેણીને શાપર પોલીસ સ્ટેશને લઇ ગયેલી અને ત્યારબાદ તેણીની મેડીકલ તપાસણી માટે શાપર સરકારી હોસ્પીટલે લઇ ગયેલા અને પોલીસે તેણીની પુછપરછ કરેલી અને મહીલા જજ સમક્ષ નિવેદન માટે લઇ ગયેલા જયાં મહીલા જજ સાહેબે તેણીની પુછપરછ કરેલી. વધુમાં ભોગબનનાર જણાવે છે કે, પોલીસે તેણીના બનાવ વખતના કપડા કબ્જે કરેલા જેમાં ગુલાબી કલરનુ ટોપ અને બ્લુ કલરનું જીન્સ હતુ તથા આંતર વસ્ત્ર હતા. વધુમાં ભોગબનનારે મુદ્દામાલ આર્ટીકલ એ–૧ વાળા કપડા ઓળખી બતાવેલ છે. તેમજ આરોપીને પણ ઓળખી બતાવેલ છે. વધુમાં ભોગબનનારે ઉલટતપાસના પુરાવામાં જણાવે છે કે, જામનગર થી રાત્રીના

ત્રણ વાગ્યાના અરસામાં નીકળી ને ચોટીલા પહોંચેલા અને જામનગર થી ચોટીલા તેઓ ફોરવ્હીલમાં તેણી તથા આરોપી તથા તેનો મીત્ર એમ ત્રણ જણા હતા. વધુમાં ભોગબનનારે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, તેણીની મહીલા જજ સાહેબે પુછપરછ કરેલી ત્યારે તેઓ અને મહીલા જજ સાહેબ એકલા હતા. ભોગબનનાર વધુમાં જણાવે છે કે, તેણીએ મહીલા જજ સમક્ષ એવુ લખાવેલ નથી કે, તેણીની સાથે કોઇ બનાવ બનેલ નથી. આમ, ભોગબનનાર તેણીના કોર્ટ રૂબરૂના પુરાવામાં મહીલા જજ સમક્ષ તેણીના નિવેદનમાં લખાવેલ હકિકતો લખાવેલ હોવાનો ઈન્કાર કરે છે. ભોગબનનારનો પુરાવો તા.૨૨/૦૮/૨૦૨૫ ના રોજ નોંધવામાં આવેલ હોવાનુ જણાઇ આવે છે.

**(૧૮.૨)** વધુમાં, ભોગબનનારે તેણીના ઉલટતપાસના પુરાવામાં એ હકિકત કબુલ રાખેલ છે કે, તેણીના માતા તથા સાવકાપિતા અવાર નવાર ઠપકો આપતા હતા અને ભોગબનનારના આ પુરાવાને ભોગબનનારના બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ મુજબના નિવેદન સાથે વંચાણે લઇએ તો, ભોગબનનારે તા.૨૭/૦૧/૨૦૨૫ ના રોજ એડી.ચીફ જયુડી.મેજી. રાજકોટ સમક્ષ તેણીના નિવેદનમાં બનાવમાં તેણીની સાથે કાંઇ થયેલ ન હોય અને તેણીને કોઈ નિવેદન આપવુ નથી તેવી હકિકત લખાવેલ છે. આમ, ભોગબનનારે જે પુરાવો આપેલ છે તે તેણીની સ્વતંત્ર મરજીથી આપેલ હોય તેમ જણાય આવતુ નથી અને જો ભોગબનનાર સાથે આરોપીએ કોઇ શરીર સબંધ બાંધ્યુ હોત તો ભોગબનનારે જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સમક્ષ પણ આ હકિકત જણાવી હોત. પરંતુ ભોગબનનારે જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સમક્ષ આરોપી વિરૂદ્ધની કોઇ પણ હકિકત જણાવેલી નથી.

**(૧૮.૩)** વધુમાં ભોગબનનારનો પુરાવો જોતા ભોગબનનાર આરોપી સાથે જામનગરથી ચોટીલા જતી હતી ત્યારે આરોપીની ગાડીમાં આરોપીનો મીત્ર પણ હતો અને ફરીયાદપક્ષે આરોપીના સદર મીત્રને સાહેદ તરીકે તપાસેલ નથી અને જો ફરીયાદપક્ષ દ્વારા આરોપીના સદર મીત્રને તપાસવામાં

આવેલ હોત તો ગાડીમાં શું બન્યુ તેની સાચી હકિકત રેકર્ડ ઉપર આવી શકી હતો. કારણ કે ભારતીય સમાજમાં શરીર સબંધ બાંધવુ એ ધણી ખાનગી હકિકત હોય છે અને તે કોઇની હાજરીમાં સામાન્ય રીતે બનતી નથી. પરંતુ ફરીયાદપક્ષ દ્વારા આરોપીના મીત્રને તપાસવામાં આવેલ નથી. વધુમાં ભોગબનનારે તેમના પુરાવામાં આરોપી દ્વારા બીજી વખત આરોપીના માસીના ઘરે એટલે કે તેણીના જનકપિતાના પત્નીના ઘરે શારીરીક સબંધ બાંધવામાં આવેલ હોવાનું જણાવેલ છે. પરંતુ આ શરીર સબંધ કયારે બાંધવામાં આવેલ તેવી કોઇ હકિકત જણાવતા નથી. ભોગબનનારનું પોલીસ રૂબરૂનું નિવેદન જોતા આરોપીએ ગાડીમાં બે વખત શરીર સબંધ બાંધેલ હતો તેવી હકિકત જણાવે છે. આમ, ભોગબનનારે તેણીના કોર્ટ રૂબરૂના પુરાવામાં તથા પોલીસ રૂબરૂના પુરાવામાં વિરોધાભાષી હકિકતો જણાવે છે.

**(૧૮.૪)** ફરીયાદી તેના પુરાવામાં એવી હકિકત જણાવે છે કે, ભોગબનનારે તેણીને જણાવેલ કે આરોપીએ ફોરવ્હીલ ગાડીમાં તેણીની સાથે બે વખત શરીર સબંધ બાંધેલો. પરંતુ ભોગબનનાર તેણીના પુરાવામાં એવી કોઇ હકિકત જણાવતા નથી કે, બનાવ વિશેની કોઇ હકિકત ભોગબનનારે તેણીની માતાને જણાવેલ હતી.

**(૧૮.૫)** વધુમાં ભોગબનનારે તેણીના પુરાવામાં તેણીની શારીરીક તપાસ થયેલ હોવાની હકિકત જણાવેલ છે. જેથી આ સંદર્ભમાં ભોગબનનારની શારીરીક તપાસણી કરનાર મેડીકલ ઓફીસરશ્રીનો આંક–૧૨ નો પુરાવો જોતા તા.૧૮/૧૨/૨૦૨૪ ના રોજ ભોગબનનારને તેઓની સમક્ષ શારીરીક તપાસણી માટે લઇ જવામાં આવેલા અને ભોગબનનારે મેડીકલ ઓફીસરશ્રી રૂબરૂ એવી હિસ્ટ્રી આપેલ છે કે, "તેના મમ્મીએ તેના ઘરે મારેલુ હતુ તેણીને પટ્ટા, લાકડી તથા પ્લાસ્ટીકની નળી વડે પગ તેમજ બંન્ને સાથળના ભાગે મારેલુ હતુ. તેમજ લાકડી વડે જમણા હાથના અંગુઠામાં નીચે મારેલુ હતુ. જેથી દર્દી (ભોગબનનાર) તા.૧૧/૧૨/૨૦૨૪ ના રોજ ૦૪.૦૦ થી ૦૪.૩૦ વચ્ચે કાંગશીયાળી થી પોતાના ઘરેથી તેણીના

બહેનપણી દિપાલી સોલંકીના ઘરે આજીડેમ પાસે રાત્રી રોકાણ કરેલ અને સવારે તા.૧૨/૧૨/૨૦૨૪ ના રોજ દિપાલી સાથે મહુવા ગયેલ અને ત્યાં મહુવામાં ભોગબનનારે તેણીની બહેનપણી દિપાલી સાથે દિપાલીના મીત્રની ઘરે ગયેલ અને ત્યારબાદ સાડા ચાર વાગ્યે બપોર પછી બસમાં જામનગર જવા નીકળેલ અને ત્યારબાદ ૧૨.૩૦ વાગ્યે રાત્રે જામનગર પહોંચેલ ત્યારબાદ બહેનપણી વૈદેહીના ઘરે ફોન કરી તેના ઘરે ચાર દિવસ રોકાયેલ અને ત્યારબાદ વૈદેહીના ઘરેથી ભોગબનનારે આરોપીને તા.૧૫/૧૨/ ૨૦૨૪ ના રોજ ૦૭.૦૦ થી ૦૭.૩૦ વાગ્યે ફોન કરેલ અને કહેલ કે ભોગબનનારને રાજકોટ મુકી જાય. ત્યારબાદ ૧૨–૧ વાગ્યે તા.૧૬/૧૨/ ૨૦૨૪ ગુલાબનગરના ધારીચે તેના બોયફ્રેન્ડ એટલે કે આરોપીને મળેલ અને બંન્ને જામનગરથી ત્રણ વાગ્યે ચોટીલા જવા નીકળેલ અને બંન્ને કારમાં ગયેલા અને વહેલી સવાર ચોટીલા પહોંચેલા, બંન્ને ચોટીલામાં શરીર સબંધ બાંધ્યુ હતુ. ત્યારબાદ આરોપી ભોગબનનારને ચોટીલાથી ગ્રીનલેન્ડ ચોકડી રાજકોટ મુકી ગયેલ" મેડીકલ ઓફીસરશ્રીના પુરાવા મુજબ ભોગબનનારે તેઓને જણાવેલ કે, આરોપી સાથે પોતાની મરજીથી શરીર સબંધ કુલ બે વખત બાંધેલો અને ભોગબનનારે આરોપી સાથે અઢી મહીનાથી સબંધમાં હતી અને પહેલો શરીર સબંધ દોઢ મહીના પહેલા બાંધેલો અને ભોગબનનારના કહેવા મુજબ તેણીને આરોપી ઉપર કેસ કરવો નથી પરંતુ તેણીના માતા–પિતાને કેસ કરવો છે તેવી હકિકત ભોગબનનારે જણાવેલ. આમ ભોગબણનાર ઉપર તેમના માતા–પિતાનો દબાણ હોવાનુ પણ રેકર્ડ ઉપર આવે છે .

**(૧૮.૬)** વધુમાં ભોગબનનારની મેડીકલ ઓફીસરશ્રી રૂબરૂની હિસ્ટ્રી જોતા ભોગબનનાર ઉપર ફરીયાદી દ્વારા લાકડી તથા પટ્ટાઓથી માર મારવામાં આવેલ તેના કારણે ભોગબનનારે પોતાના ઘરનો ત્યાગ કરેલ હતો અને ત્યારબાદ ભોગબનનાર તેણીની બહેનપણીઓના ઘરે ગયેલી અને ત્યારબાદ ભોગબનનાર દ્વારા આરોપીને બોલાવવામાં આવેલ હોવાનુ પણ રેકર્ડ ઉપર આવેલ છે અને મેડીકલ ઓફીસરશ્રીનો પુરાવો જોતા ભોગબનનારે તેઓ રૂબરૂની હિસ્ટ્રીમાં કારમાં સબંધ બાંધેલ હોવાનું જણાવેલ છે અને તે

પહેલા દોઢ મહીના પહેલા સબંધ બાંધેલ હોવાનું જણાવેલ છે. જયારે ફરીયાદી તેમના પુરાવામાં એવુ જણાવે છે કે, ભોગબનનારે તેમને જણાવેલ કે ભોગબનનાર આરોપી સાથે હતી તે દરમ્યાન આરોપીએ તેણીની સાથે બે વખત શરીર સબંધ બાંધેલો. જયારે ભોગબનનાર તેમના પુરાવામાં તેણી જામનગર આરોપી સાથે રહેલ તે અરસામાં આરોપીએ તેણીની સાથે તે વખતે બે વખત શરીર સબંધ બાંધેલ હોવાનું જણાવેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે તેમની સાથે શરીર સબંધ બાંધેલ એક વખત ચોટીલા ખાતે ગાડીમાં તથા બીજી વખત આરોપીના માસી એટલે કે તેણીના જનકપિતાના પત્નીના ઘરે બાંધેલો હતો.

**(૧૮.૭)** વધુમા ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન તા.૨૦/૧૨/૨૦૨૪ ના રોજ લેવામાં આવેલ ત્યારે ભોગબનનાર બનાવ વિશે કોઈ પણ હકિકત જણાવેલ નથી અને ભોગબનનાર મેડીકલ ઓફીસરશ્રી રૂબરૂ જયારે એવી હકિકત જણાવતા હોય કે, ભોગબનનારને આરોપી વિરૂદ્ધ કોઈ કેસ કરવાનો નથી પરંતુ તેણીના માતા–પિતાને કેસ કરવાનો છે તે સંજોગોમાં ભોગબનનારે આરોપી દ્વારા કારમાં તથા અગાઉના દિવસમાં જે શરીર સબંધ બાંધવામાં આવેલ હોવાની હકિકત જણાવેલ છે તે ભોગબનનારે કોઈ પણ જાતના ડર વગર કે દબાણ વગર અને સાચી હકિકત જણાવેલ હોય તેવો ભોગબનનારનો વિશ્વાસનીય પુરાવો જણાય આવતો નથી.

**(૧૯)** વધુમાં, ભોગબનનારની શારીરીક તપાસણી કરનાર મેડીકલ ઓફીસરશ્રીનો આંક–૧૨ નો પુરાવો જોતા ભોગબનનારના ગુપ્તભાગના વાળ ચોંટેલા ન હતા અને તેણીના ગુપ્તભાગે બાહ્ય ઈજાઓના કોઈ નિશાન ન હતા. ભોગબનનારનું હાયમેન તુટેલુ હતુ અને સેકેન્ડરી સેકસ્યુઅલ કેરેકટર સંપુર્ણ વિકસીત હતા. તેણીએ છેલ્લુ સ્નાના તા.૧૫/૧૨/૨૦૨૪ ના રોજ કરેલ હતુ. તેઓના અભિપ્રાય મુજબ તેણીની સાથે શારીરીક સંભોગ થયાની શકયતા નકારી શકાય તેમ નથી. આમ, મેડીકલ ઓફીસરશ્રીએ

ભોગબનનારનું હાયમન તુટેલ હોવાનું જણાવે છે પરંતુ હાયમન તુટવાના શરીર સબંધ બાંધ્યાના અન્ય કારણો હોય શકે છે તે હકિકત મેડીકલ ઓફીસરશ્રીએ બચાવપક્ષની ઉલટતપાસ દરમ્યાન કબુલ રાખેલ છે. મેડીકલ ઓફીસરશ્રી દ્વારા ભોગબનનારના શરીર ઉપરથી લોહીના નમુના ભોગબનનારની લાળ, ગુપ્તભાગના વાળ, માથાના વાળ, વજાઇનલ સ્વોબ, સર્વાઇકલ સ્વોબ, હાથના નખ શીલબંધ પેક કરી એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ છે અને ભોગબનનારનું યુરીન પ્રેગ્નેન્સી ટેસ્ટ નેગેટીવ આવેલ હતુ. સદર મેડીકલ ઓફીસરશ્રીએ જે મેડીકલ સર્ટીફીકેટ અને એમ.એલ.સી.પેપર્સ રજુ કરેલ છે તે જોતા પણ મેડીકલ ઓફીસરશ્રીએ જે પુરાવો આપેલ છે તે હકિકતને સમર્થન મળેલ છે. આમ, મેડીકલ ઓફીસરશ્રીનો પુરાવો જોતા ભોગબનનારના શરીર ઉપર બળજબરીના કોઇ નિશાન મળી આવેલ નથી.

**(૨૦)** આ કામે આરોપીની મેડીકલ તપાસણી પણ થયેલ છે જેના સંદર્ભમાં મેડીકલ ઓફીસરશ્રીનો આંક–૧૩ નો પુરાવો જોતા, આરોપીને તા.૦૬/૦૧/૨૦૨૫ ના રોજ તપાસવામાં આવેલ છે. જેઓ રૂબરૂ આરોપીએ બનાવની હિસ્ટ્રી આપેલ છે. જેમાં આરોપીએ ભોગબનનાર સાથે મરજીથી એક થી બે વખત શારીરીક સબંધ બાંધેલ હોવાનું જણાવેલ છે. પરંતુ આરોપીને સદર મેડીકલ ઓફીસરશ્રી સમક્ષ પોલીસ યાદી સાથે કોન્સ્ટેબલ એ.એસ.આઇ દ્વારા લાવવામાં આવેલ હતા જેથી આરોપીની મેડીકલ તપાસણી થયેલ ત્યારે આરોપી પોલીસની કસ્ટડીમાં હતા અને આરોપીએ પોલીસ કસ્ટડી દરમ્યાન એકસ્ટ્રા જયુડીશ્યલ કન્ફેશન આપેલ છે. જે કન્ફેશન જયુડીશ્યલ મેજીસ્ટ્રેટની તાત્કાલીક હાજરીમાં આપવામાં આવેલ હતુ અને આરોપી દ્વારા કરવામાં આવેલ પોલીસ કસ્ટડી દરમ્યાનની એકસ્ટ્રા જયુડીશ્યલ કન્ફેશન સ્ટેટમેન્ટ ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૨૩(૨) મુજબ આરોપી વિરૂદ્ધ પુરાવામાં ગ્રાહય નથી. વધુમાં મેડીકલ ઓફીસરશ્રીના પુરાવા મુજબ આરોપીએ છેલ્લુ સ્નાન તા.૦૩/૦૧/૨૦૨૫ ના રોજ કરેલ હતુ અને આરોપીના શરીર ઉપર બાહય ઈજાના નિશાન ન હતા.

આરોપી શારીરીક સંભોગ કરવા સક્ષમ હતા. આરોપીના લોહીના નમુના, લાળ, ગુપ્ત ભાગના વાળ, વિર્ય, માથાના વાળ, હાથના નખ શીલપેક કરી એફ.એસ.એલ પૃથ્થકરણ માટે મોકલવામાં આવેલ હતા. તેઓએ રજુ કરેલ મેડીકલ સર્ટીફીકેટ તથા એમ.એલ.સી.કાગળ જોતા પણ તેઓના પુરાવાની હકિકતને સમર્થન મળેલ છે.

**(૨૧)** આ કામે આંક–P18/PW-9 થી પ્રાદેશીક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા રાજકોટનું બાયોલોજીકલ તથા સીરોલોજીકલ પરીક્ષણ અહેવાલ ધ્યાને લેતા આરોપી વિરૂદ્ધ કોઇ મેડીકલ પુરાવો મળી આવેલ નથી.

**(૨૨)** આ કામે ભોગબનનારના સાવકાપિતા નો આંક–૨૩ નો પુરાવો જોતા ભોગબનનાર સાથે તેઓની કોઇ વાતચીત થયેલી નથી. તેમજ ભોગબનનારના જનકપિતાનો પુરાવો જોતા પણ ભોગબનનારે તેઓની સાથે બનાવના સબંધે કોઇ વાતચીત કરેલ હોય તેવી કોઇ હકિકત જણાઇ આવતી નથી.

**(૨૩)** આ કામે ફરીયાદપક્ષે આંક–P9/PW-6 થી રજુ ભોગબનનારના કપડા કબ્જે કરેલાના પંચનામાના પંચ સાહેદને આંક–૨૫ થી તપાસેલ છે. જેઓના પુરાવા મુજબ તેઓને તથા બીજા પંચ ભાવેશભાઇને પોલીસ સ્ટેશનમાં બોલાવવામાં આવેલા અને તેઓની રૂબરૂ પોલીસે ભોગબનનારના કપડા કબ્જે કરેલા અને તેઓએ સદર પંચનામામાં તેઓની તથા બીજા પંચની સહી ઓળખી બતાવેલ છે. તેમજ ભોગબનનારના મુદ્દામાલ કપડા પણ ઓળખી બતાવેલ છે. સદર સાહેદનો ઉલટતપાસનો પુરાવો જોતા તેઓ પોલીસ સ્ટેશનમાં ગયેલ ત્યારે ટેબલ ઉપર કપડા પડેલ હતા અને ભોગબનનારે તેઓની સમક્ષ તેઓની હાજરીમાં કપડા કાઢી રજુ કરેલ હોય તેવુ બનેલ નથી તેમ જણાવેલ છે. આમ, આ પંચ સાહેદનો પુરાવો જોતા ભોગબનનારે તેઓની હાજરીમાં બનાવ સબંધે પહેરેલ કપડા રજુ કરેલ નથી

અને એફ.એસ.એલ.નો પુરાવો જોતા પણ ભોગબનનારના કપડા ઉપર આરોપી વિરૂદ્ધનો કોઇ પુરાવો મળી આવેલ નથી.

**(૨૪)** ફરીયાદપક્ષે આંક–P10/PW-7 થી રજુ આરોપીની બલેનો ગાડી કબ્જે કરેલ હોવા બાબતના પંચનામાના તથા આંક–P11/PW-7 થી રજુ આરોપીના કપડા કબ્જે કરેલાના પંચ સાહેદને આંક–૨૬ થી તપાસેલ છે. જેઓના પુરાવ મુજબ પોલીસે તેઓ રૂબરૂ આરોપીના કપડા કબ્જે કરેલા અને આરોપીની સદર ગાડી કબ્જે કરેલી. પરંતુ એફ.એસ.એલના પુરાવા મુજબ આરોપીના કપડા ઉપર પણ કોઇ વાંધાજનક ઘટકો મળી આવેલ નથી. વધુમાં આરોપીએ બનાવ બાદ સ્નાન પણ કરી લીધેલ હતુ. તેમજ ગાડીમાંથી આરોપી વિરૂદ્ધનો કોઇ પુરાવો મળી આવેલ હોય તેવી કોઇ હકિકત આ સાહેદના પુરાવાથી રેકર્ડ ઉપર આવતી નથી. જેથી આ સાહેદના પુરાવાથી ફરીયાદપક્ષને કોઇ મદદ મળેલ હોય તેમ જણાય આવતુ નથી.

**(૨૫)** આ કામે ફરીયાદપક્ષે ત.ક.અમલદારશ્રીનો આંક–૨૯ થી રજુ થયેલ પુરાવો જોતા, તેઓએ ફરીયાદીની ફરીયાદ લીધેલ છે અને ત્યારબાદ તપાસની કામગીરી કરેલ તે બાબતનો પુરાવો આપેલ છે અને તપાસ દરમ્યાન ભોગબનનાર અને આરોપી વચ્ચે પ્રેમસબંધ હોવાનું તેઓની તપાસમાં જણાય આવેલ. તેમજ તેઓની તપાસ દરમ્યાન ભોગબનનાર પોતાના માતાના ઘરેથી તા.૧૧/૧૨/૨૦૨૪ ના રોજ કોઇને કહયા વગર રાજકોટ તેણીની બહેનપણી પાસે ગયેલી અને ત્યારબાદ ભોગબનનાર એકલી જામનગર ગયેલી અને જામનગર પહોંચ્યા બાદ ભોગબનનાર બે–ત્રણ દિવસ તેણીની બહેનપણી વૈદેહી પરમારના ઘરે રોકાયેલ હતી અને ભોગબનનાર આરોપી પાસેથી મળી આવેલ હતી. આ સમય દરમ્યાન આરોપી અને ભોગબનનાર કોઇ હોટલ કે મકાનમાં રોકાયેલ હોય તેવુ પણ તેમની તપાસમાં ખુલેલ નથી. ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીએ ભોગબનનાર સાથે ગાડીમાં શારીરીક સબંધ બાંધેલ હતો. પરંતુ ત.ક.અમલદારશ્રીએ ગાડીની સીટ વિગેરે કબ્જે કરી એફ.એસ.એલ.માં મોકલેલ નથી જે ગાડીની સીટ

મહત્વનો પુરાવો હતો. વધુમાં ગાડીમાં કોઈ ડાઘા વગેરે પણ જણાઈ આવેલ નથી.આમ, ત.ક.અધિકારીશ્રીએ આ ગુન્હાના કામે સમગ્ર તપાસ કરેલ છે. પરંતુ તેઓની તપાસ દરમ્યાન આરોપી વિરૂદ્ધ કોઈ પુરાવો મળી આવેલ નથી અને મહત્વનો પુરાવો એવો ગાડીની સીટ તે એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ નથી.

(૨૬) આ કામે ભોગબનનારનો પુરાવો જોતા આરોપીએ ભોગબનનાર સાથે બે વખત શરીર સબંધ બાંધેલ હોવાનું રેકર્ડ ઉપર આવે છે. આરોપીએ ભોગબનનાર સાથે બળજબરીથી કે ધાક ધમકી આપીને શરીર સબંધ બાંધેલ હોવાનું ભોગબનનાર જણાવતા નથી જેથી આરોપીએ ભોગબનનાર સાથે તેણીની સંમતીથી શરીર સબંધ બાંધેલ હોવાનું ભોગબનનારના પુરાવાથી તથા મેડીકલ ઓફીસરશ્રી સમક્ષની ભોગબનનારની બનાવની હિસ્ટ્રીથી જણાઈ આવે છે. પરંતુ અગાઉ ચર્ચા મુજબ ભોગબનનાર બનાવ સમયે સગીર વયના હતા જેથી ભોગબનનારે સગીર વયની હોય તેણીની સંમતી કાયદેસરની સંમતી ગણાતી નથી અને નામદાર સુપ્રિમકોર્ટે સદર સિદ્ધાંતને તાજેતરમાં ***Varun Kumar alias sonu Vs The State Of Himahcal Pradesh & Ors. Reported in 2025 INSE 1232*** ના ચુકાદામાં સદર સિદ્ધાંતને પુન: સ્થાપિત કરી ઠરાવેલ છે કે, ***"Even if the victim has voluntarily engaged in sexual intercourse, such consente was leagallay immaterial as she was a minor at the time of the incedent."*** આમ, ભોગબનનાર સંમતીથી આરોપી સાથે શારીરીક સબંધ બાંધેલ હોય તેમ છતા જો ભોગબનનારનો પુરાવો વિશ્વાસનીય જણાઈ આવતો હોય તો તે સંજોગોમાં આરોપી સજાને પાત્ર થાય છે.

(૨૭) ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ-૧૧૯ મુજબ કેટલીક હકિકતોનુ અસ્તીત્વ હોવાનું ટ્રાયલ કોર્ટ માની શકે છે અને કલમ-૧૨૦ જે બળાત્કારને લગતા ગુન્હાઓના સંદર્ભમાં ભોગબનનારની સંમતીની

ગેરહાજરીના અનુમાન માટે ટ્રાયલ કોર્ટને સતા આપે છે. તે સંજોગોમાં સદર જોગવાઈઓ ધ્યાને લેવી પણ મહત્વની જણાઈ છે જે નીચે મુજબની છે.

**Sec 119 : Court may presume existence of certain facts:-**

(1) The Court may presume the existence of any fact which it thinks likely to have happened, regard being had to the common course of natural events, human conduct and public and private business, in their relation to the facts of the particular case.

*Illustrations.*

The Court may presume that--

(a) a man who is in possession of stolen goods soon, after the theft is either the thief or has received the goods knowing them to be stolen, unless he can account for his possession;

(b) an accomplice is unworthy of credit, unless he is corroborated in material particulars;

(c) a bill of exchange, accepted or endorsed, was accepted or endorsed for good consideration;

(d) a thing or state of things which has been shown to be in existence within a period shorter than that within which such things or state of things usually cease to exist, is still in existence;

(e) judicial and official acts have been regularly performed;

(f) the common course of business has been followed in particular cases;

(g) evidence which could be and is not produced would, if produced, be unfavourable to the person who withholds it;

(h) if a man refuses to answer a question which he is not compelled to answer by law, the answer, if given, would be unfavourable to him;

(i) when a document creating an obligation is in the hands of the obligor, the obligation has been discharged.

(2) The Court shall also have regard to such facts as the following, in considering whether such maxims do or do not apply to the particular case before it:--

(i) as to *Illustration (a)*--a shop-keeper has in his bill a marked rupee soon after it was stolen, and cannot account for its possession specifically, but is continually receiving rupees in the course of his business;
(ii) as to *Illustration (b)* --A, a person of the highest character, is tried for causing a man's death by an act of negligence in arranging certain machinery. B, a person of equally good character, who also took part in the arrangement, describes precisely what was done, and admits and explains the common carelessness of A and himself;
(iii) as to *Illustration (b)* --a crime is committed by several persons. A, B and C, three of the criminals, are captured on the spot and kept apart from each other. Each gives an account of the crime implicating D, and the accounts corroborate each other in such a manner as to render previous concert highly improbable;
(iv) as to *Illustration (c)*--A, the drawer of a bill of exchange, was a man of business. B, the acceptor, was a young and ignorant person, completely under A's influence;
(v) as to *Illustration (d)*--it is proved that a river ran in a certain course five years ago, but it is known that there have been floods since that time which might change its course;
(vi) as to *Illustration (e)*--a judicial act, the regularity of which is in question, was performed under exceptional circumstances;
(vii) as to *Illustration (f)*--the question is, whether a letter was received. It is shown to have been posted, but the usual course of the post was interrupted by disturbances;
(viii) as to *Illustration (g)*--a man refuses to produce a document which would bear on a contract of small importance on which he is sued, but which might also injure the feelings and reputation of his family;
(ix) as to *Illustration (h)*--a man refuses to answer a question which he is not compelled by law to answer, but the answer to it might cause loss to him in matters unconnected with the matter in relation to which it is asked;
(x) as to *Illustration (i)*--a bond is in possession of the obligor, but the circumstances of the case are such that he may have stolen it.

**<u>Sec 120 : Presumption as to absence of consent in certain prosecution for rape :-</u>**

> In a prosecution for rape under sub-section (2) of section 64 of the Bharatiya Nyaya Sanhita, 2023, where sexual intercourse by the accused is proved and the question is whether it was without the consent of the woman alleged to have been raped and such woman states in her evidence before the Court that she did not consent, the Court shall presume that she did not consent.*Explanation.* - In this section, "sexual intercourse" shall mean any of the acts mentioned in section 63 of the Bharatiya Nyaya Sanhita, 2023.

(૨૮) આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઇઓ ધ્યાને લેતા ભારતીય સાક્ષય અધિનિયમની કલમ–૧૨૦ પ્રમાણે જો ફરીયાદપક્ષ એ હકિકત પુરવાર કરવામાં સફળ થાય કે ભોગબનનાર સાથે આરોપીએ શારીરીક સબંધ બાંધેલ હતો અને ભોગબનનાર જયારે પોતાના પુરાવામાં એવી હકિકત જણાવતી હોય કે આરોપીએ તેણીની મરજી વિરૂદ્ધ શરીર સબંધ બાંધેલ હતો, તો કોર્ટને માની લેવાનું હોય કે, ભોગબનનારે શરીર સબંધ માટે સંમતી આપેલ ન હતી. પરંતુ આ પ્રકારના અનુમાન લગાવતા પહેલા એ જોવાનું રહે કે ભોગબનનાર સાથે શારીરીક સબંધ બાંધેલ હતો અને મેડીકલ ઓફીસરશ્રીએ રજુ કરેલ આંક–P1/PW-1 થી રજુ ભોગબનનારના મેડીકલ સર્ટીફીકેટ પ્રમાણે ભોગબનનારનું હાઇમન તુટેલુ હતુ પરંતુ હાઇમન તુટવાના શારીરીક સબંધ સિવાયના ઘણા કારણો હોઇ શકે છે. વધુમાં ભોગબનનારના શરીર ઉપર બળજબરીથી સબંધ બાધંવાના બાહય કે આંતરીક ઇજાના ચીન્હો મળી આવેલ નહી પરંતુ જે તેનાથી શરીર સબંધ બાંધવા બંધાયેલ ન હોય તે પણ માની શકાય નહી.

હાલના કેસમાં ભોગબનનાર તેના પુરાવામાં આરોપી દ્વારા તેણીની સાથે શારીરીક સબંધ બાંધેલ હોવાનું જણાવેલ છે તે હકિકત ભોગબનનારે મેડીકલ ઓફીસરશ્રી રૂબરૂ આપેલ હિસ્ટ્રી થી પણ રેકર્ડ ઉપર આવેલ છે. પરંતુ ભોગબનનારે આવી કોઈ હકિકત જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી. હાલના કેસમાં ભોગબનનાર એવો કોઈ પુરાવો આપેલ નથી કે આરોપીએ જે શરીર સબંધ બાંધેલ હતુ તે તેણીની મરજીથી બાંધેલ ન હતુ. તે સંજોગોમાં ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૨૦ મુજબનું અનુમાન હાલના કેસમાં લાગુ પડી શકાય નહી. વધુમાં મેડીકલ ઓફીસરશ્રીના પુરાવાથી ભોગબનનાર તેણીના માતા દ્વારા પટ્ટા, લાકડી તથા પ્લાસ્ટીકની નળી વડે બંન્ને પગ તથા બંન્ને સાથળો ઉપર માર મારવામાં આવેલ જેના કારણે ભોગબનનારને ઈજાઓ પણ થયેલ છે અને ભોગબનનારે તે કારણસર પોતાનું ઘર છોડેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે અને આ કેસમાં ભોગબનનારને આરોપીએ લગ્ન કરવાની લાલચ આપી ભગાડી ગયેલ હોય તેવી હકિકત પુરવાર થયેલ ન હોય અને ભોગબનનારે પોતે જામનગર પહોંચ્યા બાદ આરોપીને ફોન કરીને બોલાવે છે અને ભોગબનનારે ફોરવ્હીલમાં તેઓની સાથે આરોપીનો મીત્ર હોવાનું જણાવે છે તે જોતા આરોપી અને ભોગબનનાર વચ્ચે શરીર સબંધ બંધાય તે સામાન્ય સંજોગોમાં માની શકાય નહી. આમ, હાલના કેસની હકિકતો અને સંજોગો જોતા ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૧૯ પ્રમાણે ભોગબનનાર અને આરોપી વચ્ચે ભોગબનનારના જણાવ્યા મુજબ સંમતીથી શારીરીક સબંધ બંધાયેલ હોવાનું ભોગબનનારે જણાવેલ છે તે માની શકાય નહી તે રીતે ***Vadivelu Thevar (SUPRA)*** ના કેસમાં પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ ભોગબનનારના પુરાવાને જયારે કોઈ મેડીકલ પુરાવા કે સાયન્ટીફીક પુરાવાથી સમર્થન મળતુ ન હોય તેમજ તેણીના બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબના નિવેદનથી પણ સમર્થન મળતુ ન હોય તે સંજોગોમાં ભોગબનનારનો પુરાવો તટસ્થ રીતે વિશ્વાસનીય જણાઈ આવતુ ન હોય અને ભોગબનનારના પુરાવા ઉપર આધાર રાખી આરોપીને સજા કરવી યોગ્ય જણાતુ ન હોય, આરોપીને

શંકાનો લાભ આપી શકાય તેવો પ્રસ્તુત કેસ છે. આમ, ફરીયાદપક્ષે આ કામના આરોપીએ તા.૧૧/૧૨/૨૦૨૪ થી તા. ૧૬/૧૨/૨૦૨૪ દરમ્યાન આ કામના આરોપીએ ફરીયાદી/ભોગબનનારના માતાની સગીર વયની દિકરીને લગ્નની લાલચ આપી, ફોસલાવી, બદકામ કરવાના ઈરાદે ફરીયાદીના ઘરેથી લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી, લઈ જઈ ભોગબનનાર સગીર વયની હોવાનું જાણતા તથા માનતા હોવા છતા ભોગબનનાર સાથે બદકામ, લગ્ન, અવૈધ સંભોગ કરવાની ફરજ પાડવાના ઈરાદા સહ લલચાવી, પટાવી ફોસલાવી તેણીનું અપહરણ કરી લઈ જઈ, ભોગબનનાર સાથે બે વખત અવૈધ સંભોગ કરી, બળાત્કાર ગુજારી, તેમજ ઉગ્રપ્રવેશ જાતીનો હુમલો કરી, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨),૮૭,૬૪(૨)(આઇ)(એમ),૬૫(૧) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૧૨ની કલમ–૫(એલ),૬ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓ કરેલ બાબતનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, ઉપરોકત ઉપસ્થીત **મુદ્દા નં.૩ તથા ૪** નો નિર્ણય **''નકારમાં''** આપવામાં આવે છે. વધુમાં ભોગબનનારને આવા બનાવને કારણે કોઇ પણ પ્રકારની શારીરીક કે માનસીક હાની કે નુકશાન પહોંચેલ હોવાનું રેકર્ડ ઉપર આવતુ નથી. જેથી હાલના કેસમાં ભોગબનનારના પુન: સ્થાપન માટે કોઇ વળતરની રકમ અંગેનો સહાય સબંધી હુકમો કરવા વ્યાજબી, ન્યાયી અને ઉચીત ન હોવાનું આ અદાલતનું માનવુ છે. આમ, ફરીયાદપક્ષ આરોપી વિરૂદ્ધનો તહોમતનામા મુજબનો ગુન્હો પુરવાર થતી ન હોય **મુદ્દા નં.૫** અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો **આખરી હુકમ** ફરમાવુ છું.

**–// હુ ક મ //–**

(૧) આરોપી **જયદિપભાઇ રોહિતભાઇ લકુમ,** ઉ.વ.૨૨, ધંધો–મજુરી, રહે.જામનગર, ગુલાબનગર વાંજાવાસ, નવનાલા પાસે, તા.જી.જામનગર. નાઓને બી.એન.એસ.એસ કલમ–૨૫૮(૧)

અન્વયે તેમની વિરૂદ્ધનાં ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨),૮૭,૬૪(૨)(આઇ)(એમ),૬૫(૧) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૧૨ની કલમ–૫(એલ),૬ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપી જામીન મુકત હોય જેથી તેઓના જામીનખત આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) જો આરોપી વિરૂદ્ધનાં ગુન્હાના કામે અપીલ થાય તો અપીલ અદાલતમાં હાજર રહેવા માટે આ કામના આરોપીએ બી.એન.એસ. એસ.કલમ–૪૮૧ અન્વયે રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર/ હજાર પુરા) ના જામીન રજુ કરવા. જે જામીનગીરી છ માસ સુધી અમલમાં રહેશે.

(૪) આ ગુન્હાના કામે તપાસ દરમ્યાન કબ્જે કરવામાં આવેલ નોનવેલ્યુએબલ મુદ્દામાલ અપીલ સમય પુર્ણ થયેથી અથવા જો અપીલ થાય તો નામ. અપીલ કોર્ટના હુકમ બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે  છે. આ કામે મુદ્દામાલ અંગે વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૭મી, માંહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

તા.૧૭/૦૬/૨૦૨૬
સ્થળ : રાજકોટ એટ ગોંડલ

**(પુષ્પા શંકરલાલ સૈની)**
સ્પે જજ, પોકસો કોર્ટ,
રાજકોટ એટ ગોંડલ
**(GJ01595)**